## આજનો સુવિચાર

આળસને તમારી આજ આપશો તો એ તમારી આવતીકાલ પણ લઈ લેશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૦૩ જૂનાગઢ તા.૧૮-૪-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 103, Junagadh : Date : 18 April, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## ઉત્તરપ્રદેશમાં માફીયાઓનો સફાયો કરવા અભિયાન ચલાવાશે : ૬૧ની યાદી તૈયાર

લખનૌ,તા. ૧૮ : અતીક-અશરફના મોત બાદ હવે યોગી સરકાર માફિયાઓ વિરુદ્ધ મોટું અભિયાન ચલાવવા જઈ રહી છે. પોલીસે ૬૧ ગેંગસ્ટરોની યાદી તૈયાર કરી છે જે તેમની સામે ટૂંકસમયમાં મોટી કાર્યવાહી શરૂ થવા જઈ રહી છે. આટલું જ નહીં, આ માફિયાઓની ૫૦૦ કરોડની પ્રોપર્ટી જપ્ત કરવાનું પ્લાનિંગ પણ કરવામાં આવ્યું છે. માહિતી મુજબ આ યાદીમાં દારૂ માફિયાઓ, ગેરકાયદે ખનન, જંગલ અને પશુ માફિયાઓ ઉપરાંત શિક્ષણ માફિયાઓનો પણ સમાવેશ થાય છે. મુખ્યમંત્રી યોગીની મંજૂરી મળતાની સાથે જ તેમની સામે મોટું અભિયાન ચલાવવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાનાં ડીજી પ્રશાંત કુમાર કહે છે કે રાજયમાં ગુનેગારોના નેટવર્કને ખતમ કરવા માટે વ્યાપકઅભિયાન ચલાવવામાં આવશે.

માફિયાની આ યાદીમાં મુખ્તાર અંસારી, બ્રિજેશ સિંહ, પશ્ચિમ યુપીના ગેંગસ્ટર ઉધમ સિંહ, સુનીલ રાઠી, સુંદર ભાટી, સુભાષ ઠાકુર, રાજન તિવારી ગુડ્ડુ સિંહ, સુધાકર સિંહ બહરાઈચના ગબ્બર સિંહ, બદન સિંહ, અજીત ચૌધરી અક્કુ, ધર્મેન્દ્ર કિર્થલ, અભિષેક સિંહ હની, નિહાલ પાસી, રાજન તિવારી, સુધીર કુમાર સિંહ, વિનોદ ઉપાધ્યાય વગેરેનો સમાવેશ થાય છે.

આ યાદીમાં સપા અને બસપા સાથે જોડાયેલા માફિયાઓના નામ પણ સામેલ કરવામાં આવ્યા છે. જેમાં બચ્ચુ યાદવ, જુગનુ વાલિયા, રિઝવાન ઝહીર, દિલીપ મિશ્રા, અનુપમ દુબે, હાજી ઈકબાલ અને લલ્લુ યાદવના નામ સામેલ છે. એટલું જ નહીં ત્રિભુવન સિંહ, ખાન મુબારક, સલીમ, સોહરાબ, રૂસ્તમ, બબલુ શ્રીવાસ્તવ, વાલુમેશ રાય, કુંટુ સિંહ, સુભાષઠાકુર, સંજીવ મહેશ્વરી જીવા અને મુનીર જેવા માફિયાઓના નામ પણ આ યાદીમાં શામેલ કરવામાં આવ્યા છે

## ભ્રષ્ટાચાર સમાજ માટે ગંભીર ખતરો : તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ - સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી તા. ૧૮ : સુપ્રીમ કોર્ટે સોમવારે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભારતીય મહેસૂલ સેવા અધિકારીને ભ્રષ્ટાચારના કેસમાં મંજૂર કરાયેલ આગોતરા જામીન ફગાવી દેતા કહ્યું હતું કે ભ્રષ્ટાચાર એ સમાજ માટે ગંભીર ખતરો છે અને તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભ્રષ્ટાચારથી માત્ર સરકારી તિજોરીને જ મોટું નુકસાન થતું નથી, પરંતુ સુશાસનને પણ અસર થાય છે. જસ્ટીસ સૂર્યકાંત અને જસ્ટીસ જે. ના. મહેશ્વરીની ખંડપીઠે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની અરજી પર હાઈકોર્ટમાંથી **IRS** અધિકારી સંતોષ કરનાનીને આપવામાં આવેલ આગોતરા જામીન રદ કરી દીધા.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કથિત ગુનાની પ્રકૃતિ અને ગંભીરતાને હાઈકોર્ટે ધ્યાનમાં લેવી જોઈતી હતી. ભ્રષ્ટાચાર એ આપણા સમાજ માટે એક ગંભીર ખતરો છે અને તેની સાથે કડક કાર્યવાહી થવી જોઈએ. આનાથી માત્ર સરકારી તિજોરીને જ મોટું નુકસાન થતું નથી, પરંતુ સુશાસનને પણ અસર થાય છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે સામાન્ય માણસ સામાજિક કલ્યાણ યોજનાઓના લાભોથી વંચિત છે અને ભ્રષ્ટાચારથી સૌથી વધુ પ્રભાવિત છે. કોર્ટે કહ્યું કે 'એ સાચું જ કહેવાય છે કે ભ્રષ્ટાચાર એક એવું વૃક્ષ છે, જેની ડાળીઓ બધે ફેલાયેલી છે.તેથી જ વધુ સતર્ક રહેવાની જરૂર છે.'

## સુપ્રિમ કોર્ટમાં સૈમલૈંગિક સંબંધો અંગે સુનાવણી શરૂ

નવી દિલ્હી તા. ૧૮

સમલૈંગિક લગ્નને કાનૂની માન્યતા આપવાની માગ કરતી ૧૫ અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ એસકે કૌલ, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ હિમા કોહલીની પાંચ જજોની બંધારણીય બેંચ આ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. કેન્દ્ર સરકારનાં સોલિસિટર જનરલ એસ.જી. મહેતાએ કહ્યું કે સમલૈંગિક લગ્નનો મુદ્દો એવો નથી કે એક તરફ ૫ લોકો, બીજી બાજુ ૫ લોકો અને બેન્ચ પર બેઠેલા ૫ વિદ્વાનો ચર્ચા કરી શકે. આમાં દક્ષિણ ભારતના ખેડૂત અને ઉત્તર ભારતના વેપારીનો દૃષ્ટિકોણ પણ જાણવો પડશે.

## પાંચ વર્ષ બાદ આવતા વર્ષે ગુજરાત વાઈબ્રન્ટ સમિટ યોજાશે

અમદાવાદ તા. ૧૮





પાંચ વર્ષના લાંબાગાળા બાદ હવે આગામી વર્ષે રાજયમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેટર્સ સમીટ યોજાશે અને તે જાન્યુઆરી ૧૧-૧૩-૨૦૨૪ના યોજાશે છેલ્લે ૨૦૧૯માં વાઈબ્રન્ટ સમીટ યોજાઈ હતી ત્યારબાદ કોરોના આવતા જ આ પ્રકારના આયોજનો મુલત્વી રહ્યા હતા પણ હવે પરીસ્થિતિ સામાન્ય બનતા આગામી વર્ષે વાઈબ્રન્ટ સમીટ યોજવા નિર્ણય લેવાશે અને જુલાઈ માસથી જ આ માટે દેશ વિદેશમાં રોડ-શો સહિતની તૈયારી થશે. જો કે ૨૦૨૨માં એક તબકકે વાઈબ્રન્ટ સમીટ યોજવાની તૈયારી હતી પણ વૈશ્વીકરીતે રશિયા-યુક્રેનનો તનાવ સર્જાયો હતો તે ઓમીક્રોન વેરીએન્ટ પણ પરત દેખાતા સમીટ મુલત્વી રહી હતી.

પણ હવે ૨૦૨૪નો વાઈબ્રન્ટ સમીટ એ લોકસભા ચુંટણી પુર્વેનો મેગા શો બનાવવા તૈયારી છે અને અમેરિકા સહિતના તમામ મુખ્ય દેશો ઉપરાંત ગલ્ફ અને આફ્રિકન દેશોનું પણ પ્રતિનિધિત્વ વધે તે જોવાશે. રાજય સરકારે આ માટે રૂા.૧૨૭ કરોડનું બજેટ પ્રાથમીક રીતે મંજુર કર્યુ છે.

## જથ્થાબંધ મોંઘવારી ઘટી પરંતુ ખાદ્ય ચીજવસ્તુઓનાં ભાવો આસમાને

નવી દિલ્હી તા. ૧૮ : માર્ચ ૨૦૨૩માં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવામાં ભલે ઘટાડો થયો હોય પરંતુ આ સમયગાળા દરમિયાન ખાદ્ય ચીજોના ભાવોમાં તીવ્ર વધારો થયો છે. ખાદ્ય ચીજોનો ભાવોમાં ફેબ્રુઆરીમાં ૩.૮૧ ટકાથી વધીને માર્ચમાં ૫.૪૮ ટકા થયો હતો. જો કે શાકભાજી, ડુંગળી અને બટાકામાં મોંઘવારી હજુ પણ શૂન્યથી નીચે છે પરંતુ ભાવ વધારો ફેબ્રુઆરી કરતા વધુ છે. માર્ચમાં શાકભાજીના ભાવમાં માત્ર ૨.૨૨ ટકાનો ઘટાડો થયો હતો, જયારે ફેબ્રુઆરીમાં તેની કિંમતોમાં ૨૧.૫૩ ટકાનો ઘટાડો થયો હતો. એ જ રીતે, માર્ચમાં ડુંગળીના ભાવમાં ૩૬.૮૩ ટકાનો ઘટાડો થયો હતો, જયારે ફેબ્રુઆરીમાં તે ૪૦.૧૪ ટકા ઘટ્યો હતો. કઠોળનો ફુગાવો ફેબ્રુઆરીમાં ૨.૫૯ ટકા હતો જે માર્ચમાં વધીને ૩.૦૩ ટકા થયો હતો. ઓકટોબર ૨૦૨૨માં આ દર ૦.૪૫ ટકા હતો. નિષ્ણાતો કહે છે કે ખાદ્ય પદાર્થોની શ્રેણીમાં અનાજ, ખાસ કરીને ઘઉંના ભાવ ઘટી રહ્યા છે, પરંતુ શાકભાજી, ફળો, દૂધ અને કઠોળના ભાવ વધી રહ્યા છે.

## યુપીનાં શાહજહાંપુરમાં ટ્રેક્ટર ટ્રોલી પુલ પરથી નીચે ખાબકતા ૧૩નાં મોત

શાહજહાંપુર તા. ૧૮

ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં એક મોટો અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા છે. શાહજહાંપુરના તિલ્હાર વિસ્તારના બિરસિંહપુર ગામ પાસે બનેલા પુલ પરથી ટ્રેક્ટર ટ્રોલી નીચે પડી હતી. આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા છે. પોલીસ-પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે હાજર છે અને રાહત કાર્ય ચાલી રહ્યું છે.

આ ઘટના ગારરા નદી પર બનેલા પુલ પર બની હતી. ટ્રોલી પુલ પર જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એવું કહેવાય છે કે ટ્રોલીમાં મહિલાઓ અને બાળકો સહિત ૪૦ લોકો હતા. જેમાં ૧૩ના મોત થયા છે અને ૧૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ટ્રોલીમાં સવાર લોકો સુનૌરા ગામના રહેવાસી હતા અને નદીમાંથી પાણી લેવા ગયા હતા.

## બિલ્કીસબાનો કેસમાં સુપ્રિમ કોર્ટમાં આજે સુનાવણી

નવી દિલ્હી તા. ૧૮

બહુચર્ચિત બિલ્કિસ બાનો કેસમાં ૧૧ દોષિતને સમય પહેલાં છોડી દેવાના ગુજરાત સરકારના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટ આજે સુનાવણી કરશે. જસ્ટિસ કેએમ જોસેફ અને બીવી નાગરત્નાની બેન્ચે ૨૮ માર્ચે ગુજરાત સરકારને દોષિતોને ઈમ્યુનિટી આપતી સંબંધિત ફાઈલો સાથે તૈયાર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. આ પહેલાં ડિસેમ્બર ૨૦૨૨માં જજ બેલા માધુર્ય ત્રિવેદીએ કેસની સુનાવણી કરી રહેલી બેન્ચમાંથી પોતાનું નામ અલગ કરી દીધું હતું. આ કારણોસર આ કેસની સુનાવણી મોકૂફ રાખવામાંઆવી હતી.

## આગામી ૧૫ દિવસમાં મહારાષ્ટ્રમાં બે રાજકીય ધડાકા થશે : સુપ્રિયા સુલે

નવી દિલ્હી,તા. ૧૮ : મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનાં સાંસદ સુપ્રિયા સુલેએ મોટું નિવેદન આપ્યું છે. સુપ્રિયા સુલેએ દાવો કર્યો છે કે આગામી ૧૫ દિવસમાં બે રાજકીય વિસ્ફોટ થવાના છે. સુપ્રિયાએ કહ્યું કે એક બ્લાસ્ટ દિલ્હીમાં થશે અને બીજો બ્લાસ્ટ મહારાષ્ટ્રમાં થશે. સુપ્રિયાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે વિપક્ષના નેતા અજીત પવારના ભાજપમાં જોડાવાની અટકળો ચાલી રહી છે.

સુપ્રિયા સુલેના આ નિવેદન બાદ મહારાષ્ટ્રમાં રાજકીય અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. જયારે સુપ્રિયાને પૂછવામાં આવ્યું કે અજીત દાદા કયાં છે તો તેણે જવાબ આપ્યો, 'તમે બધા ચેનલિસ્ટોએ અજિત દાદાની પાછળ એક યુનિટ લગાવવું જોઈએ. રાજયમાં અનેક સમસ્યાઓ છે, રાજયમાં ખોટી રીતે કામ થઈ રહ્યું છે, કાર્યક્રમ રદ કરવાથી આવું કંઈ નહીં થાય.

અજીત દાદા ભાજપમાં જોડાશે કે નહીં આ સવાલ પર તેણે કહ્યું કે,'આ વાત દાદાને પૂછો, મારી પાસે ગપસપ માટે સમય નથી, મારી પાસે જનપ્રતિનિધિ તરીકે ઘણું કામ છે, તેથી મને તેની ખબર નથી. પરંતુ જો તેઓ સખત મહેનત કરનાર નેતા હોય તો દરેકને અજીત દાદા ગમે છે, તેથી જ આવા નિવેદનો કરવામાં આવે છે.

વાસ્તવમાં ઉદ્ધવ જૂથના નેતાના દાવા બાદ અટકળોએ જોર પકડ્યું છે કે એનસીપી નેતા અજિત પવાર ભાજપમાં જોડાઈ શકે છે.થોડા દિવસ પહેલા એનસીપી સુપ્રીમો શરદ પવાર અને સાંસદ સુપ્રિયા સુલેએ પુણેમાં રેલી કરી હતી, જેમાં અજિત પવાર ભાજપમાં જોડાઈ શકે છે. હાજરી આપવી નહીં.. આ પછી તેમના ભાજપમાં જોડાવાની અટકળોએ જોર પકડ્યું હતું. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ રેલીમાં શા માટે સામેલ ન થયા.

## રૂા.૩૦ લાખનાં લાંચ પ્રકરણમાં ઈન્કમટેક્ષ અધિકારીની ધરપકડ

અમદાવાદ તા.૧૮ : ભ્રષ્ટાચારમાં નાના કર્મચારીઓ સાથે અધિકારીઓ પણ ઝપટે ચડી રહ્યા હોય તેમ રૂા.૩૦ લાખની લાંચ કેસમાં સીબીઆઈએ આવકવેરા અધિકારીની ધરપકડ કરી છે. સીબીઆઈના સૂત્રોએ કહ્યું કે ગત ૪થી ઓકટોબરે બિલ્ડર પાસેથી ૩૦ લાખની લાંચ માંગવા સબબ આવકવેરા અધિકારી સામે છટકુ ગોઠવવામાં આવ્યુ હતું પરંતુ તે આબાદ છટકી ગયો હતો ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી લીધા હતા જેની સામે સીબીઆઈએ અપીલ કરી હતી.

સર્વોચ્ચ અદાલતે ગઈકાલે તેના જામીન રદ કર્યા હતા અને શુક્રવાર સુધીમાં તપાસનીશ એજન્સી સમક્ષ શરણે થવાનો આદેશ કર્યો હતો. સીબીઆઈ તપાસમાં એવો ખુલાસો થયો હતો કે આવકવેરા અધિકારીને તેના જુનીયર સાથે પણ સાંઠગાંઠ છે અને નાણાકીય વ્યવહારો પણ કર્યા છે. સૂત્રોએ કહ્યું કે ગત ઓકટોબરમાં સીબીઆઈએ છટકુ ગોઠવ્યુ ત્યારે સીસીટીવીમાં તેણે અધિકારીઓને જોઈ લીધા હતા અને તેને અટકાવવા જુનીયર અધિકારીને સૂચના આપી હતી. જુનીયરે અધિકારીઓને રોકયા તે દરમ્યાન આયકર અધિકારી છટકી ગયો હતો.

## આજથી ભારતમાં એપલની એન્ટ્રી

મુંબઈ તા. ૧૮

ભારતમાં પહેલીવાર ટેક કંપની એપલનો સ્ટોર ખૂલ્યો છે. કંપનીના **CEO** ટિમ કૂકે આજે સવારે ૧૧ વાગ્યે મુંબઈમાં કંપનીના પ્રથમ ફ્લેગશિપ રિટેલ સ્ટોરનું ઉદઘાટન કર્યુ. આ સ્ટોર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના **Jio** વર્લ્ડ ડ્રાઈવ મોલમાં ખૂલ્યો છે. બીજો સ્ટોર ૨૦ એપ્રિલે દિલ્હીના સાકેતમાં ખૂલશે.

ઘણા લોકોને પ્રશ્ન થશે કે ભારતમાં એપલના ઘણા સ્ટોર પહેલેથી જ છે, તો આમાં નવું શું છે? વાસ્તવમાં હાલમાં એપલની પ્રોડક્ટ્સ વેચતા તમામ સ્ટોર્સ કંપનીના પ્રીમિયમ રિસેલર્સ છે. પ્રીમિયમ રિસેલર્સ એ થર્ડ પાર્ટી સ્ટોર છે, જેમણે મોબાઈલ વેચવા માટે **Apple** પાસેથી લાઈસન્સ મેળવ્યું છે, જ્યારે આ સ્ટોર કંપનીનો પોતાનો સ્ટોર છે.

## ધર્માદા ટ્રસ્ટોને દાન આપનાર ૮ હજાર કરદાતાઓનો આઈટીની નોટીસ

નવી દિલ્હી તા. ૧૮ : ચેરીટેબલ ટ્રસ્ટોને મોટું દાન આપનાર ૮૦૦૦ કરદાતાઓને કરચોરીનો પ્રયાસ થયો હોવાની આશંકા વચ્ચે આવકવેરા વિભાગે નોટીસ ફટકારી છે. આવકવેરા વિભાગના અધિકારીએ કહ્યું કે, વિશ્લેષણમાં જણાયું છે કે આ કરદાતાઓ તેમની આવક અને ખર્ચના પ્રમાણમાં અપ્રમાણસર દાન કરી રહ્યા હતા. જેમને નોટીસો મોકલવામાં આવી છે તેમાં નોકરીયાતો, સેલ્ફ એમ્પ્લોઈડ ઈન્ડીવીઝયુલ્સ પણ કંપનીઓ ઉપરાંત સામેલ છે. આવા ટ્રાન્ઝેકશનોની સુવિધા કરી આપનાર કર નિષ્ણાંતો પર પણ આવકવેરા વિભાગની નજર છે.

એક કર અધિકારીએ કહ્યું '૮૦૦૦થી પણ વધારે આ બધા કેસોમાં ડોનેશન એટલું જ અપાયું હતું જેટલું ટેક્ષ સ્લેબ ઘટાડવા અથવા કરમાંથી સંપૂર્ણ છૂટ મેળવવા માટે જરૂરી હતું અને તે રોકડમાં ચુકવાયું હતું. આ ઉપરાંત નોકરીયાત વ્યકિત દ્વારા પણ ટેક્ષ નિષ્ણાંતોને અપવાદરૂપ મોટી રકમ ચુકવાઈ હતી.' આ નોટીસો માર્ચના મધ્યથી એપ્રીલની શરૂઆતના ત્રણ સપ્તાહો દરમિયાન મોકલાઈ હતી અને તે એસેસમેન્ટ યર ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ માટે હતી. આગામી સપ્તાહોમાં હજુ પણ વધારે નોટીસો મોકલાઈ શકે છે.

## એલોન મસ્ક ચેટ જીપીટી સામે ટૂથ જીપીટી લોન્ચ કરશે

લોસ એન્જીલસ તા. ૧૮

ટેસ્લાથી લઈને ટવીટર સુધીના ઔદ્યોગીક સામ્રાજયમાં હવે એલન મસ્ક વધુ એક સાહસ કરવા જઈ રહ્યા છે. માઈક્રોસોફટના ઓપન ઈન્ટેલીજન્સ ચેટ જીપીટીની સામે હવે એલન મસ્કે ટૂથ જીપીટી લોન્ચ કરવાની જાહેરાત કરી છે. માઈક્રોસોફટ સાથે જોડાયેલી આર્ટીફિશયલ ઈન્ટેલીજન્સી સ્ટાર્ટઅપ ઓપન આઈ.એ. એ ચેટ જીપીટી લોન્ચ કર્યા બાદ હવે આ ક્ષેત્રે જબરી ધમાલ મચી ગઈ છે.

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ક્રિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ

અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન

| | By Air | |
|---|---|---|
| સિમલા-મનાલી-ડેલહાઉસી અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર (અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ) | 27000 | Day-6 |
| | 35000 | Day-9 |
| કેરાલા-મુન્નાર-થેકડી ક.કુમારી-એલપ્પી-કોવાલમ (અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ) | 35000 | Day-8 |

નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર | કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી | GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા

શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે

અદ્યતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૬૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરાભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩





C M Y K


# ૧૮ એપ્રિલ-વર્લ્ડ હેરિટેજ ડે : સમૃધ્ધ વારસાના સંવર્ધનની ૫૦મી વર્ષગાંઠ નિમિતે આ વર્ષે "૨૦૨૩ - વર્કિંગ ઓન ધ ફ્યુચર"ની થીમ

## રક્ષિત સ્મારકોની સૂચિમાં સામેલ રાજકોટ જિલ્લાના ૧૧ સહિત સૌરાષ્ટ્રના કુલ ૧૯૭ સ્મારકોના ૧૦૦ વર્ષના ઈતિહાસ-સંસ્કૃતિ અને વારસાની ઈમારતોની સુરક્ષિત જાળવણી એટલે હેરિટેજ







ભારત અને ગુજરાતનો ઈતિહાસ સાચવનારા અનોખા સ્મારકો અને તેના વારસાનું જતન કરવાનો દિવસ એટલે સમગ્ર વિશ્વમાં ૧૮ એપ્રિલે ઉજવાતો "વર્લ્ડ હેરિટેજ ડે", આ તમામ ભવ્ય ધરોહરોની સાચવણી અને તેનું રક્ષણ કરવા માટે આજના દિવસે ખાસ સંકલ્પ લેવામાં આવે છે. જો કોઈ ઈમારતની ઉંમર ૧૦૦ વર્ષથી વધુ હોય તો તેને રક્ષિત સ્મારક ગણવામાં આવે છે. આવા સ્મારકો રાજ્યના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાના સાચા રક્ષકો અને વાહકો છે. ૧૮ એપ્રિલ "વર્લ્ડ હેરિટેજ ડે" ની ઉજવણી યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન(યુનેસ્કો) દ્વારા સૌથી પહેલાં ૧૯૮૩માં થઈ હતી. ત્યાર બાદ દર વર્ષે અનેક વિષયોને અનુલક્ષીને આ દિવસ ઉજવાય છે. સમૃધ્ધ વારસાના સંવર્ધનની ૫૦મી વર્ષગાંઠ નિમિતે આ વર્ષે "૨૦૨૩ - વર્કિંગ ઓન ધ ફ્યુચર"ની થીમ રાખવામાં આવેલી છે. "વર્લ્ડ હેરિટેજ ડે"ના દિવસે થીમ અનુસાર રાજ્યસરકારના પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ દ્વારા અનેક કાર્યક્રમો ગોઠવામાં આવે છે. જેનો ઉદેશ્ય ભારતીય વારસાથી વધુને વધુ લોકોને માહિતગાર કરવાનો અને તેની સાચવણી સાથે જાગૃતિ કેળવવાનો છે. આ માટે હેરિટેજ ઈમારતોનું પેન્ટિંગ પ્રદર્શન, આર્કિટેક્ટ શાખાના વિદ્યાર્થીઓ માટે સ્થાપત્યનું જતન કરવા અંગેના કાર્યક્રમો યોજાય છે. રાજકોટના વિવિધ રક્ષિત અને સાંસ્કૃતિક સ્મારકોના રખરખાવ માટે ૧૯૮૪થી કાર્યરત સંસ્થાનું નામ છે, ઈન્ટેક (INTACH) ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ, જે મુખ્યત્વે વારસામાં મળેલી ધરોહરોનું સંરક્ષણ, સંચાલન, તે અંગેનું શિક્ષણ અને જાગૃતિ, હિમાયત વગેરે પ્રવૃત્તિ કરે છે. જેનો મુખ્ય ઉદેશ્ય ભારતીય સંસ્કૃતિ અને ધરોહરનું સંવર્ધન કરી તેના સંશોધકીય દસ્તાવેજીકરણ સાથે ધરોહરની સાચવણી અંગે તાલીમ વગેરે છે. આ સંસ્થાએ રાષ્ટ્રીય સ્તરે કુતુબમિનાર, લાલ કિલ્લો અને તાજમહેલ માટે પણ સંરક્ષણની કામગીરી કરી છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ(ASI) અને રાજ્ય પુરાતત્વ વિભાગ(DAM) દ્વારા સંરક્ષિત સ્મારકોની કાળજી લેવામાં આવે છે, જ્યારે INTACH સંસ્થા અસુરક્ષિત વારસો (સ્મારકો, સ્થળો, કલા અને હસ્તકલા, સમુદાયો, કુદરતી વારસો, અમૂર્ત સાંસ્કૃતિક વારસો)ની સૂચિ, જાળવણી અને સંરક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આજના દિવસે અવશ્ય એકવાર આસપાસ સ્થિત ઈમારતોને નિહાળી વારસામાં મળેલ અદભુત ભેટનો સંગ્રહ કરવા નિર્ણય કરી ગામડાથી લઈ શહેર સુધીના અનેક વિસ્તારોમાં આવેલ સાંસ્કૃતિ વિરાસતોને ઓળખી તેની જાળવણી કરવા સૌ કટિબધ્ધ થઈએ. સાચા અર્થમાં ઈમારતોનું જતન એટલે ભવિષ્યનું સંરક્ષણ.. વર્લ્ડ હેરિટેજ ડે એ ફક્ત એક દિવસની ઉજવણી નથી પરંતુ આપણી આસપાસના અનેક વારસાને જીવંત રાખવાની પ્રેરણા છે. તે દરેકને સતત આપણા વારસા અને આપણી ઈમારતોને ભવિષ્ય માટે કઈ રીતે જાળવી તેનું દિશાસૂચન કરે છે. ગુજરાત રાજયની આવી ૧૦૦ વર્ષથી જૂની ઈમારતોની વિશેષ જાળવણી અને રક્ષણ કરવા ગુજરાત સરકારના રમત-ગમત, યુવા સંસ્કૃતિ પ્રવૃત્તિ વિભાગના પુરાતત્વ અને સંગ્રાહાલય વિભાગ સતત કાર્યરત છે. તેના જતન માટે આ વર્ષના અંદાજપત્રમાં રૂા.૫૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજયના પ્રવાસન વિભાગ દ્વારા ટુરિઝમ પોલિસી અન્વયે હેરિટેજની જાળવણી સાથે પ્રવાસનને વેગ આપવા માટે હોટેલ, રેસ્ટોરન્ટ, મ્યુઝીયમ વગેરે માટે વિશેષ આર્થિક સહાય આપવામાં આવે છે, જેનો આશય હેરિટેજ ઈમારતોનો પુનઃઉપયોગ કરી મૂલ્યોને જાળવી રાખવાનો છે.

### જિલ્લા અને સૌરાષ્ટ્રની ઇમારતો

રાજકોટ જિલ્લામાં કુલ ૧૧ રક્ષિત સ્મારકો આવેલા છે, જયારે સમગ્ર સૌરાષ્ટ્રમાં કુલ ૧૯૭ રક્ષિત સ્મારકો છે. જેમાં શિરમોર આકર્ષણ સમાન ત્રિનેત્રેશ્વર(તરણેતર) મહાદેવ મંદિર, સુપેડીના મંદિરો, ખંભાલીડાની ગુફાઓ, મીનળ વાવ જેવા અનેક સ્મારકોનો સમાવેશ થાય છે. અંતારાષ્ટ્રીય પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ માધવપુર મંદિર પણ હેરિટેજ શ્રેણીમાં ગણાય છે. તેમ ગુજરાત પૂરાતત્વ ખાતાના અધિકારી સંગીતાબેન તેમજ સિધ્ધાબેન શાહે જણાવ્યું હતું. રાજકોટ શહેરના વિવિધ ઐતિહાસિક સ્મારકોમાં કબા ગાંધીનો ડેલો, ગાંધીજી ભણતા તે આલ્ફ્રેડ હાઈસ્કૂલ, દરબાર ગઢ, જામ ટાવર, વગેરે ઈમારતો તેના ભવ્ય વારસા અને પ્રાચીન સમયને વર્તમાન સમય સાથે જોડતી કડી છે. રાજકોટમાં બેડી નાકા ટાવર, રૈયા નાકા ટાવર, જામ ટાવર સહિતના રાજાશાહી વખતના ટાવરોનો સમાવેશ થાય છે. તેમજ રાજકોટમાં આવેલ દરબારગઢનો મ્યુઝીયમમાં કાયાપલટ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૨ની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં ગુજરાતના બે સ્થળો ઉમેરાયા છે, જેમાં ૪૦૦૦ વર્ષ જુના ઈતિહાસને અભિવ્યક્ત કરતું વડનગર અને સૂર્યના પ્રથમ કિરણોનું સાક્ષી બનતું મોઢેરાનું સૂર્યમંદિર છે. વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાના વિકાસ માટે તેમજ ગિરિમથકો એવા ડોન ગિરનાર હિલ સ્ટેશન, વલસાડ કરાઈ માતા હિલ સ્ટેશનના વિકાસ કરવાનું આયોજન છે આ ઉપરાંત ઐતિહાસિક મહત્વ ધરાવતા રાજમહેલ અને મહાલયોને હેરિટેજનું સ્ટેટસ આપી એનું પુનઃ નિર્માણ કરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગુજરાતમાં આવેલા પાટણની રાણકી વાવ, ચાંપાનેર અને ધોળાવીરા એ ત્રણ વિશ્વ કક્ષાનાં હેરિટેજ પ્રવાસન સ્થળો છે. હવે અમદાવાદને પણ દેશના સૌપ્રથમ હેરિટેજ સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. હેરિટેજ પોલિસીથી અંદાજિત રૂા.૩૦૦ કરોડનું રોકાણ આવવાની સંભાવના છે. રાજકોટ જિલ્લામાં કલેકટરશ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં હાલ વિવિધ ગામોમાં કેમ્પ કરીને, લોકોના પ્રશ્નો મેળવાઈ રહ્યા છે. આ અંગે નિવાસી અધિક કલેક્ટરશ્રી એસ.જે. ખાચરે જણાવ્યું હતું કે, તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે અત્યાર સુધીમાં જિલ્લામાંથી ગ્રામ્ય સ્તરેથી ૩૦૭ જેટલી અરજીઓ મળી છે. આ ઉપરાંત આજે ૧૭મીએ ગ્રામ્ય કક્ષાએ લોકોના પ્રશ્નો સ્વીકારવાનો છેલ્લો દિવસ છે અને ગ્રામ્ય ટીમ દ્વારા આ પ્રશ્નો સ્વીકારવાનું ચાલુ છે. આગામી તા.૨૪થી ૨૬ એપ્રિલ દરમ્યાન તાલુકા કક્ષાનો ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ-સ્વાગત યોજાશે. જેમાં ઉચ્ચ-સક્ષમ અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકો પાસેથી મેળવાયેલા પ્રશ્નોનું નિવારણ લાવવામાં આવશે. બાદમાં ૨૭મી એપ્રિલે કલેક્ટર પ્રભવ જોશીના વડપણ હેઠળ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે. જેમાં તાલુકા કક્ષાએ હલ ના થઈ શક્યા હોય તેવા જિલ્લા સ્તરના કે અન્ય પ્રશ્નોનું નિવારણ લાવવામાં આવશે. આ જ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો સ્વાગત-ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

**ખાસ લેખ : દેવ મહેતા, રાજકોટ**

# માંગરોળ : ઢોરની સમસ્યામાંથી મુકિત અપાવવા આવેદન અપાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮

માંગરોળમાં અવારનવાર સર્જાતા આખલા યુધ્ધથી રહેણાંક મકાનો, દુકાનોમાં નુકશાન તેમજ પશુઓની હડફેટે ચઢતા અને ગંભીર રીતે ઘાયલ થતાં નાગરીકોને હોસ્પિટલમાં ખસેડવાના અનેક બનાવો બન્યા છે. ત્યારે શહેરીજનોને ઢોરની સમસ્યાથી મુક્તિ અપાવવા આમ આદમી પાર્ટીએ પ્રા.મ્યુ.કમિશનર સમક્ષ એનિમલ હોસ્ટેલની સુવિધા આપવા માંગ કરી છે. શહેરનો એક પણ વિસ્તાર રખડતા ઢોરના ત્રાસથી બાકાત નથી. ત્યારે સરકારના ઉચ્ચ કક્ષાના અલગ અલગ વિભાગો અને અધિકારીઓને આપે કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે રખડતા ઢોરના પ્રશ્ને અનેક રજુઆતો છતાં પાલિકાતંત્ર જાગતું નથી. મ્યુનિસિપલ અધિ.માં આ સમસ્યા નિવારવા કાયદાકીય જોગવાઈ હોવા છતાં નિયત કરાયેલી ફરજ બજાવવામાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. અગાઉ ફીશ માર્કેટ પાસે ઢોરનો ડબ્બો હતો. જ્યાં પાલિકા રખડતા ઢોરને પુરી, માલિકને દંડ કરી પરત કરતી હતી. પરંતુ પાંત્રીસેક વર્ષ પહેલાં અન્ય કોઈ પણ વ્યવસ્થા કર્યા વિના ન.પા.ની તત્કાલીન બોડીએ બહુમતિના જોરે આ જગ્યા એક ટ્રસ્ટને આપી દીધી હતી. આ જ રીતે માંડવી દરવાજા બહાર વાવ, અવેડા જેવી વ્યવસ્થા હતી. તે જગ્યા ગૌશાળા બનાવવા એક સંસ્થાને આપી દીધી હતી. થોડા સમય પહેલાં શાપુર રોડ ઉપર ઉદ્યોગનગરમાં સ્થાનિક કોર્ટના સુચનથી રખડતા પશુઓ અને ખાસ કરીને ખુંટીયાઓને પકડી, આ જગ્યાએ રાખવા ન.પા.એ કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ ગણતરીના દિવસોમાં જ કોઈ કારણોસર આ વ્યવસ્થા પણ આટોપી લેવાઈ હતી. યાંત્રિક ખેતીને કારણે બળદોની ઉપયોગીતા ઘટતા ખુંટીયાઓને છુટ્ટા મુકી દેવાતા તેની સંખ્યા વધી રહી છે. પશુપાલકો માટે અલગ કોલોની અને પશુઓને રાખવા માટે વાડાઓની જગ્યા ફાળવવા દરકાર ન લેવાતા પશુપાલકો પોતાના ઢોરને છુટ્ટા મુકવા મજબુર બન્યા છે. ત્યારે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે.

# ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં ભોજનાલયનો પ્રારંભ થયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮





દેવભૂમિ દ્વારકાના મુખ્ય મથક ખંભાળિયામાં આવેલી સરકારી હોસ્પિટલમાં રવિવારે લુણાઈ સ્વસહાય જૂથની પાંચ મહિલાઓના જૂથ દ્વારા ચાલતી મચ્છુ કુપા આરોગ્ય ભોજનાલય નામની નવી કેન્ટીનનું ઉદ્‌ઘાટન થયું હતું.

યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા પ્રાયોજિત પ્રોજેક્ટ એક્સેલ હેઠળ તેઓને પાંચ દિવસની ઉદ્યોગસાહસિકતા વિકાસની તાલીમ અને પ્રારંભિક સમર્થન આપવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટને નાયરા એનર્જી દ્વારા ટેકો સાંપડ્યો હતો અને Arya.ag અને FWWB ઈન્ડિયા દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ ઉદ્‌ઘાટન સમારોહમાં સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. મનોજ કપૂર, આર.એમ.ઓ. ડો. કેતન ભારતી અને પ્રોજેક્ટ એક્સેલ ટીમના અન્ય મહાનુભાવોની હાજરીમાં યુ.એન.ડી.પી.(UNDP)ના પ્રોગ્રામ મેનેજર કૃષ્ણા ગુપ્તા, નયારા એનર્જીમાંથી અવિનાશ, યોગેન્દ્ર સર અને મિમાંશા અને પ્રોજેક્ટ એક્સેલની ટીમ પણ હાજર રહી હતી. કેન્ટીનનો હેતુ હોસ્પિટલની મુલાકાત લેતા દર્દીઓ અને એટેન્ડન્ટ્સને સ્વસ્થ અને પૌષ્ટિક ખોરાક આપવાનો છે. કેન્ટીન ચલાવતી મહિલાઓના એસ.એચ.જી. (SHG)ને સ્વચ્છતા અને સ્વચ્છતાના ધોરણો જાળવવા માટે તાલીમ આપવામાં આવી છે. જેથી પીરસવામાં આવતો ખોરાક આરોગ્યપ્રદ અને આરોગ્યપ્રદ રહે. એસ.એચ.જી. મહિલાઓએ યુ.એન.ડી.પી., નાયારા એનર્જી, Arya.ag અને એફ. ડબલ્યુ.ડબલ્યુ.બી. કેન્ટીન શરૂ કરવા માટે જરૂરી તાલીમ અને સમર્થન આપવા બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો. તેઓએ હોસ્પિટલના પરિસરમાં કેન્ટીન ચલાવવાની તક આપવા બદલ હોસ્પિટલ પ્રશાસનનો પણ આભાર માન્યો હતો. હોસ્પિટલ વહીવટી તંત્રએ એસ.એચ.જી. મહિલાઓના પ્રયત્નોની પ્રશંસા કરી અને દર્દીઓ અને પરિચારકોને તંદુરસ્ત ખોરાકના વિકલ્પો પ્રદાન કરવા પ્રત્યેના તેમના સમર્પણની પ્રશંસા કરી હતી. મચ્છુ કૃપા આરોગ્ય ભોજનાલય કેન્ટીનનું ઉદ્‌ઘાટન એ મહિલા સશક્તિકરણ અને ઉદ્યોગસાહસિકતા સમાજની સુધારણામાં કેવી રીતે યોગદાન આપી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે.

# ખંભાળિયામાં પાણી વિતરણ માટે સી પેજ વોટરનો જથ્થો તળિયે : ઘી ડેમમાંથી થતું પાણી વિતરણ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયા નગરપાલિકાના મોટાભાગના વિસ્તારમાં ઘી ડેમ તથા તેના સી પેજમાંથી પાણી વિતરણ કરવામાં આવે છે. ત્યારે સી પેજ પાણીનો જથ્થો હાલ ખૂટવા લાગતા શહેરમાં પાણી વિતરણ ઘી ડેમમાંથી થઈ રહ્યું છે. ખંભાળિયા શહેરના આશરે ૬૦ ટકા જેટલા વિસ્તારોમાં ઘી ડેમ નજીક આવેલા નગરપાલિકાના વોટરપાર્કના બોર તથા કૂવામાંથી પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. હાલ ઘી ડેમમાં પાણીનો જથ્થો ઘટવા લાગતા સી પેજ વોટરના બદલે હવે ડેમમાંથી પીવાનું પાણી ઉપાડવામાં આવે છે. ખંભાળિયા શહેરના આશરે ૪૦ ટકા જેટલા નળ જોડાણોમાં અત્રે ખામનાથ પાસે આવેલા ફૂલવાડી વોટર વકર્સમાંથી પાણી વિતરણ કરવામાં આવે છે. ત્યારે ૬૦ ટકા જેટલા વિસ્તારોમાં ઘી ડેમ વોટર વકર્સમાંથી પાણી વિતરણ કરવામાં આવે છે. ચોમાસામાં જ્યારે ઘી ડેમ ઓવરફ્લો થાય, ત્યારે ડેમના હેઠવાસના સી પેજ પાણીને ફિલ્ટર કરી અને શહેરમાં વિતરણ કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખની છે કે સી પેજ વોટરના બે ફુવા અને બોરમાંથી અડધા-પોણા વર્ષ સુધી પાણી વિતરણ થઈ શકે છે. ત્યારે ચોમાસા પૂર્વેના બે ત્રણ મહિના જ ઘી ડેમમાંથી પાણી ઉપાડવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે. હાલ ઉનાળાના દિવસો હોય અને સી પેજ વોટર લેવલ તળિયે આવી ગયું હોવાથી નગરપાલિકા તંત્ર દ્વારા ઘી ડેમમાંથી મેળવી અને વિતરણ કરવામાં આવે છે. જો કે ૨૦ ફૂટના આ ડેમમાંથી ૧૦ ફૂટ સિંચાઈ માટે અપાયા બાદ ૧૦ ફૂટ પાણી શહેર માટે અનામત રાખવામાં આવે છે. આ માટે ખંભાળિયા નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ દ્વારા વોટર એન.આર. નંદાણીયા તથા રાજુભાઈ વ્યાસને પીવાના પાણીમાં કલોરીનેશનનું પ્રમાણ વધારવા તથા પૂરતા પ્રમાણમાં ચોકસાઈ સાથે ફિલ્ટર કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. હાલની પરિસ્થિતિમાં ડેમમાં પાણી પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય હોય, અછત કે પાણીકાપની સંભાવના જોવા મળતી નથી.

## અલગ-અલગ સ્પર્ધાત્મક પરિક્ષામાં કેડર મુજબ પ્રશ્નના લેવલની ચોકકસતા જરૂરી ?

સ્પર્ધાત્મક પરિક્ષામાં અલગ-અલગ કેડર માટે પ્રશ્નનું લેવલ પરિક્ષાના સમય મુજબ પ્રશ્ન હોવા આજના સમયમાં જરૂરી છે. આજના યુવાનો જે તૈયારી કરે છે તેની સામે પરિક્ષાના પ્રશ્ન કાઢનાર માટે કડક માં કડક નિયમો હોવા જોઈએ. છેલ્લે જુનિયર કલાર્ક અને ટેટ ૧ પરિક્ષા પ્રશ્નનું લેવલ અન બેલેન્સ હતું ખુદ પરિક્ષા બોર્ડના એક મેમરે તે પેપર ૧ કલાકમાં તમામ પ્રશ્ન પુરા કરી શકે તેનો ડેમો આપવો જોઈએ એના માટે ચોકકસતા જરૂરી છે. આમાં આપનો મત કોમેન્ટમાં જણાવો હા કે ના ? આજનો આધુનિક સમયમાં નોકરી વાંછીત યુવાનો જે તૈયારી કરે તેની સાચે પરીક્ષામાં પ્રશ્નનું લેવલ નકિક હોવુ જરૂરી જણાય છે. જો પ્રશ્નનું લેવલ નકિક હશે તો સાચા અર્થમાં વિદ્યાર્થીઓ તૈયારીને આખરી ઓપ આપી શકશે. અત્યાર સુધી લેવાતી સ્પર્ધાત્મક પરિક્ષામાં સીલેબસ આપે છે પણ તે સીલેબસ બહારના પ્રશ્ન અને લાંબા વિકલ્પ વાળા પ્રશ્ન પુછાર છે. એમ.સી.કયુ વાળા પ્રશ્નમાં ફકરા જેવા ચાર લાઈન પ્રશ્ન પુછી લેવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને માટે પ્રશ્નનું લેવલ અનબેલેન્સ થાય છે. જેની અસર પરિક્ષા આપતા યુવાનો રોજગારી ઉપર માઠી અસર ઉપજાવે છે. આથી સ્પર્ધાત્મક પરિક્ષામાં અલગ-અલગ કેડરમાં પ્રશ્નનું લેવલ નકિક કરવું જરૂરી છે.

**લેખન : આ.પ્રો.ડો. સચિન જે. પીઠડીયા**

# ખંભાળિયાની શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીઓને લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકિંગ શેરેમની યોજાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮





ખંભાળિયાના જાણીતા શ્રી યદુનંદન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અહીંની શ્રી ડિવાઈન ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકીંગ શેરેમની યોજવામાં આવી હતી. જેમાં શ્રી યદુનંદન ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે આવેલી સરકાર માન્ય સ્વનિર્ભર સંસ્થા ડિવાઈન ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગના જુદી-જુદી બેચના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકીંગ સેરેમનીમાં હાલારના સાંસદ પૂનમબેન માડમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રેસિડેન્ટ ડો. પી.વી. કંડોરીયા અને વાઈસ પ્રેસિડેન્ટ ડો. ધ્રાંગુ સાથે મુખ્ય પ્રવકતા તરીકે ઉપસ્થિત રહેલા શ્રી રાજેશ્વરી મૈયાએ વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી તથા કારકિર્દી માટે ઘડતર રૂપ બાબતો કહી, ઉદબોધન કર્યુંહતું. આ પ્રસંગે અગ્રણી સંદીપભાઈ બેરા, પી.આઈ. એન.એચ. જોશી વિગેરેએ ખાસ ઉપસ્થિત રહી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ભવિષ્યમાં ઉપલબ્ધ થનાર નર્સિંગ માટેની રોજગારીની ઉજવળ તકો વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પણ પાઠવી હતી.

# ખંભાળિયામાં દરબારગઢની સઘન સાથ સાફ-સફાઈ કરાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયાના મહત્વના એવા દરબારગઢ વિસ્તારમાં ગાંધી ચોક ખાતે છેલ્લા કેટલાક સમયથી ગંદકીએ માજા મૂકી હોય, આ મુદ્દે સ્થાનિકો દ્વારા નગરપાલિકા તંત્રને કરવામાં આવેલી રજૂઆતો બાદ તંત્ર સફાળું જાગ્યું હતું અને આ વિસ્તારમાં સાધન સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. ખંભાળિયામાં બે મોટી રાષ્ટ્રીયકૃત બેંકો, શાકમાર્કેટ ઉપરાંત અનેક નાના-મોટા વેપારી એકમો સાથેના મહત્વના એવા દરબારગઢ ચોકની મેઈન બજારમાં છેલ્લા ઘણા સમયથી વધતી જતી ગંદકી તથા ટ્રાફિક નિયમનના પ્રશ્નો મુદ્દે આ વિસ્તારના વેપારીઓ દ્વારા નગરપાલિકા તંત્રને સવિસ્તૃત લેખિત રજૂઆતો કરાયા બાદ આ વિસ્તારમાં નગરપાલિકા તંત્રએ ખાસ લક્ષ્ય કેળવી અને સઘન સફાઈ કાર્ય હાથ ધર્યું છે. નયારા એનર્જી ફાઉન્ડેશનના યુએનડીપી તથા ફિનિશ સોસાયટીના ઉપક્રમે આજરોજ સવારે નગરપાલિકા તંત્રને સાથે રાખીને આ સ્થળે ખાસ સફાઈ ઝુંબેશ કરવામાં આવી હતી. ઘણા સમયથી આ સ્થળે જામી ગયેલા કચરાઓને દૂર કરવા તેમજ આ વિસ્તારના વેપારીઓ - દુકાનદારોને સફાઈ પ્રત્યે જાગૃત કરવા માટે એનજીઓના પ્રતાપભાઈ પરમાર સાથે સિનિટેશનના કિશોરસિંહ સોઢા, રાજપાલભાઈ ગઢવી, રમેશભાઈ વિગેરે દ્વારા સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું. નગરપાલિકાની આ કામગીરીથી સ્થાનિક વેપારીઓ, દુકાનદારોએ રાહતનો દમ ખેંચ્યો છે.

# ખંભાળિયાના બેહ ગામે મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો



જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયા તાલુકાના બેહ ગામે આવેલા સુપ્રસિદ્ધ શ્રી જુંગીવારા મંદિર ખાતે શ્રી વછરાજ નગર દ્વારા આયોજીત મહા આરતીના કાર્યક્રમમાં બેહ તથા આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. આ મહા આરતી પ્રસંગે જિલ્લા ભાજપના નવનિયુક્ત હોદેદારોની ટીમે દર્શન કરી, કાર્યક્રમમાં સહભાગી બનીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. વછરાજ નગર ખાતે શ્રી જુંગીવારા મંદિર ખાતે "વછરાજ ગ્રુપ" દ્વારા આયોજિત આ મહાઆરતીના આયોજનમાં મયુરભાઈ ગઢવી, જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ નકુમ, જિલ્લા મંત્રી નિમિષાબેન નકુમ, જિલ્લા યુવા પ્રમુખ વનરાજસિંહ વાઢેર, એડવોકેટ રામભાઈ ગઢવી અને તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ અને ગૌસેવક દેસૂર ધમાનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

# આજે ૧૮ એપ્રિલ વિશ્વ હેરિટેજ દિવસ : આપણી વિરાસતો- આપણું ગૌરવ

## જૂનાગઢ જીલ્લામાં આવેલાં છે કેન્દ્ર રક્ષિત ૭ અને રાજ્ય રક્ષિત ૩૯ પુરાતત્વીય સ્મારકો






## ઐતિહાસિક અને પૌરાણિક વારસો ધરાવતા જૂનાગઢ જીલ્લાના આ સ્મારકોની દર વર્ષે લાખો પ્રવાસીઓ મુલાકાત લે છે

જૂનાગઢ, તા.૧૮

દર વર્ષે ૧૮ એપ્રિલને વિશ્વ હેરિટેજ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ લોકોને આ ભવ્ય અને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવાનો છે. આ દિવસને સ્મારકો અને સ્થળો માટે આંતરરાષ્ટ્રીય દિવસના નામથી પણ ઓળખવામાં આવે છે. જૂનાગઢ જિલ્લો ઐતિહાસિક દ્રષ્ટિએ વિશ્વભરમાં આગવુ સ્થાન ધરાવે છે. જૂનાગઢ જિલ્લામાં કેન્દ્ર અને રાજ્ય રક્ષિત કુલ ૪૬ સ્મારકો આવેલા છે. જૂનાગઢ જિલ્લામાં ઐતિહાસિક સ્મારકો, શિલાલેખ, ધાર્મિક સ્થળો, કોતરેલી ગુફાઓની મુલાકાત દર વર્ષે લાખો પ્રવાસીઓ લઈ રહ્યા છે. આ સ્થળોની જાળવણી અને સંવર્ધન માટે સરકાર કટીબધ્ધ છે. અને ઐતિહાસિક વારસાની જાળવણી માટે પૌંરાણિક સ્થળોનું તેની જૂની ગરિમા ને અકબંધ રાખીને જાળવણીની દ્રષ્ટિએ નવિનીકરણની કામગીરી કરવામાં આવી રહી છે.

**ઉપરકોટ**

જૂનાગઢ શહેરમાં ઈતિહાસ પ્રસિધ્ધ ઉપરકોટનો કિલ્લો આવેલ છે. આ કિલ્લાનું મુળ નામ ગિરિદુર્ગ હતું. ઉપરકોટનો કિલ્લો મોર્ય સમ્રાટ ચંદ્ર ગુપ્ત દ્વારા ઈ.સ. પૂર્વ ૩૧૯માં બનાવવામાં આવેલો હતો. હાલમાં આ કિલ્લાનું નવીનીકરણ શરૂ છે. આ કિલ્લા ઉપરથી દેખાતા ગિરનાર તરફના શહેર અને પૂર્વ તરફના દ્રશ્યો શાનદાર છે. જૂનાગઢ આવતા પ્રવાસીઓ આ કિલ્લાની મુલાકાત અચુક લે છે.

**અશોક શિલાલેખ**

જૂનાગઢ શહેરથી ગિરનાર તરફ જતા રસ્તામાં ભારત વર્ષના ભૂતકાળની ઝાંખી કરાવતા સમ્રાટ અશોકના ત્રણ શિલાલેખ વિશાળ પથ્થર પર દ્રશ્યમાન થાય છે.

**બાબા પ્યારેની ગુફા**

જૂનાગઢ શહેરમાં ઉપરકોટથી ગિરનાર તરફ જતા રસ્તામાં ત્રણ હારમાળામાં ખડકમાંથી કોતરેલી આ ગુફાઓ ઈ.સ. પ્રથમ અને દ્વિતિય સદીમાં બનેલી છે.

**મહોબ્બત મકબરો**

જૂનાગઢમાં નવાબી સ્થાપત્ય જુદી ભાત પાડે છે. જૂનાગઢની મધ્યમાં નવાબ મહોબ્બત ખાન બીજાએ બનાવેલ મહોબ્બત મકબરો કલાત્મક ગુંબજો, અત્યંત બારીક કોતરણીઓ નવાબી સ્થાપત્યના બેનમુન છે.




**જૂનાગઢ જીલ્લામાં કેન્દ્ર અને રાજ્ય રક્ષિત કુલ ૪૬ હેરિટેજ સ્થળો**

જૂનાગઢ જિલ્લામાં કેન્દ્ર રક્ષિત સાત અને રાજ્ય રક્ષિત ૩૯ સ્મારકો અને સ્થળો છે. જેમાં કેન્દ્ર રક્ષિત અશોકનો શિલાલેખ, બૌધ્ધ ગુફા, બાબા પ્યારે, ખાપરા કોડિયાની ગુફા, પ્રાચીન ટીંબો, જામીન મસ્જીદ, બીબી મસ્જીદ અને રવેલી મસ્જીદનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્ય રક્ષિત સ્મારકોમાં અડીકડી વાવ, જુમા મસ્જીદ અને તોપ નિલમ અને કડાનલ, નરસિંહ મહેતાનો ચોરો, પંચેશ્વર ગુફાઓ, માત્રી રા ખેંગાર મહેલ, વંથલીમાં નાની વાવનો શિલાલેખ, બગસરા ઘેડમાં દાહ સંસ્કારની સ્મૃતિનો પાળીયો, હનુમાન ધારા, હાથ પગલા, માળિયા હાટીનામાં ધનવંતરીનો પાળિયો સહિતનાનો સમાવેશ થાય છે. જૂનાગઢ જીલ્લો પ્રવાસનની દ્રષ્ટિએ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. પૌરાણિક ગિરનાર પર્વત પર પણ સ્મારકો આવેલા છે. ગિરનાર પર રોપવે બનતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. જુનાગઢ શહેર હેરિટેજ સ્થળોથી શોભાયમાન છે. જૂનાગઢની બાઉદીન કોલેજ પણ એક અર્થમાં હેરિટેજ બિલ્ડીંગ છે. પૌરાણિક સ્થળો અને સ્મારકો વિશે જાણીએ અને તેની જાળવણી કરીએ એ સૌની ફરજ છે.

# ગુજરાત સાથે જૂનાગઢમાં પણ બોક્ષ ક્રિકેટનો વધતો જતો ક્રેઝ

## બોક્ષ ક્રિકેટનો ક્રેઝ સમય અનુસાર આર્થિક રીતે સધ્ધર લોકો માટે ખૂબ જ પ્રચલિત બન્યો છે




જૂનાગઢ, તા.૧૮

આપનાં સંતાનો ક્યાં ક્ષેત્રે સફળતા મેળવશે તે વિચારવા કરતાં સંતાનોને ક્યા ક્ષેત્રે આગળ વધવું છે તે ક્ષેત્રમાં સંતાનોને સહયોગ કરો તો સફળતા ચોક્કસ મળે જ છે તેવી વિચારધારા સાથે કીશોરભાઈ રાવલ, જીતુભાઈ પરમાર અને મધુભાઈ વિઠલાણીએ સંતાનો સાથે ખંભે ખંભો મેળવી સંતાનોનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું અને ગત તા. ૧૬/૪/૨૦૨૩ ના રોજ દેવ વિઠલાણી, ધ્રુવ પરમાર તથા ભુમિત રાવલે જૂનાગઢનાં ક્રિકેટ રસીકો માટે વિનાયક બોક્ષ ક્રિકેટનો શુભારંભ કર્યો હતો જેમાં ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્મા, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, મિડિયા વિભાગનાં સંજય પંડ્યાનાં હસ્તે આ બોક્ષ ક્રિકેટનું રીબીન કાપી ઓપનિંગ કરવામાં આવ્યું હતું જેમાં ભાજપા જામનગર શહેર અને જિલ્લાના મહિલા પ્રભારી ફાલ્ગુની વ્યાસ, જૂનાગઢ જિલ્લા ગ્રંથાલયનાં ગ્રંથપાલ મહેશ પરમાર, ભાજપના મંત્રી લીલાભાઈ પરમાર તથા જૂનાગઢનાં ક્રિકેટ પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બોક્ષમાં પુનિત શર્મા અને ગિરીશભાઈ કોટેચાએ બોલીંગ બેટિંગ કરી રમતનો પ્રારંભ કરાવ્યો હતો.

# જૂનાગઢ જીલ્લામાં દિવસ દરમ્યાન ૧000 કે તેથી વધુ લોકોની અવર-જવર રહેતી હોય તેવા એકમમાં સીસીટીવી લગાવવા ફરજિયાત

## જાહેર સલામતી માટે જાહેરનામું બહાર પાડતા કલેકટર અનિલકુમાર રાણાવાસીયા

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જિલ્લામાં ૧૦૦૦ કે, તેથી વધુ લોકોની અવર-જવર રહેતી હોય તેવા એકમ કે પેઢીમાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત છે. જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવાસીયાએ જુદા-જુદા નિયમો અને કાયદાકીય જોગવાઈઓ અનુસાર જાહેર સલામતી માટે આ મતલબનું જાહેરનામું બહાર પાડ્યું છે.

ઉલ્લેખનીય છે કે, લૂંટ, ધાડ જેવા ગુનાઓ તથા આતંકવાદી પ્રવૃત્તિઓ તેમજ ગુનાઓ નિવારવા શોધવા અને ઈન્વેસ્ટિગેશનની કામગીરીમાં સીસીટીવી ફૂટેજ ઉપયોગી અને મહત્વના કડીરૂપ બનતા હોય છે. આમ, જાહેર જનતાની સલામતી અને સુખાકારી જળવાઈ રહે તે માટે અને સમગ્ર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પબ્લિક સેફટી મેજર્સ લેવામાં આવી રહ્યા છે. જાહેરનામાં મુજબ જૂનાગઢ જિલ્લામાં દિવસ દરમ્યાન ૧૦૦૦ કે તેથી વધારે વ્યકિતઓની અવર-જવર રહેતી હોય તેવા એકમો કે પેઢીમાં સેફટી મેજર્સ લેવામાં આવશે. જે મુજબ પેઢી ચલાવતા માલિક કે, મેનેજરે પેઢીનું સીસીટીવી રેકોર્ડિંગ રાખવાનું રહેશે તથા આ રેકોર્ડિંગ ૩૦ દિવસ સુધી સાચવવાનું રહેશે. સાથે જ સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. ઘણાં ખરા કેસોમાં ગુનેગારો સીસીટીવી કેમેરા ડીવીઆર તોડી નાખતા હોય છે. જેથી સીસીટીવી રેકોર્ડિંગ એક્સેસ કરવું મુશ્કેલ બને છે અથવા શક્ય બનતું નથી. તેમ ન બને તે હેતુસર ડીવીઆર સિસ્ટમને કોઈ નુકસાની ન થઈ શકે તે રીતે સિસ્ટમ કેમેરાથી અલગ-અલગ જગ્યાએ લોકરમાં સુરક્ષિત રાખવાની રહેશે. સીસીટીવી કેમેરાઓમાં ભારતીય માનક અનુસાર ચોક્કસ સમય સેટ કરવાનો રહેશે. સીસીટીવી કેમેરાને લગત તમામ અનુષાંગિક ટેકનિકલ સ્પેસિફિકેશન માટે ગુજરાત પબ્લિક સેફ્ટી મેજર્સ એન્ડ રુલ્સ-૨૦૨૨ના નિયમો અનુસરવાના રહેશે.

જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પંપ માલિક-સંચાલકોએ પેટ્રોલ પંપનો સમગ્ર વિસ્તાર આવરી લે અને પેટ્રોલ-ડીઝલ ફિલિંગ સ્ટેશન ઉપર ફ્યુલ રિફિલિંગ માટે આવતા વાહનના નંબર તથા ચાલક સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે નાઈટવિઝન તથા હાઈડેફીનેશન સાથેના સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. જૂનાગઢ જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ, સ્કૂલ, કોલેજો વગેરેમાં બાળકો-વિદ્યાર્થીઓની સલામતી જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. જેથી આ તમામ શૈક્ષણિક સંકુલમાં એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગ સ્થળ ખાતે સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. મહત્વનું છે કે, ૧૦૦૦ લોકોની અવર-જવરની સંખ્યાને ધ્યાને લીધા વિના શૈક્ષણિક સંસ્થાઓ, પેટ્રોલ પંપ, ઉપરાંત બેંક, એટીએમ, જવેલર્સ, આંગડિયા પેઠી વગેરે જગ્યાએ નાણાં અને કિંમતી ચીજવસ્તુઓની લેવડ-દેવડ તથા સંગ્રહ થતો હોય જેથી આ પ્રકારની જગ્યાએ વિશેષ સુરક્ષાના પગલાં લેવાની જરૂરિયાત હોય જેથી ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. શહેર અને ગ્રામ્ય તથા હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટ ફૂડની દુકાન, બાધા, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, રિસોર્ટ, ફાર્મ હાઉસ વગેરેના સંચાલકો અને માલિકોએ રોકાણ માટે આવેલ મુસાફરોના આઈડી પ્રૂફ, એડ્રેસ પ્રુફ, મુલાકાતનું કારણ, ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબર વગેરે વિગતો મેળવી, તેની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવાનો રહેશે. પ્રાઈવેટ સિક્યુરિટી રાખવા માંગતા એકમ-પેઢીઓએ લાયસન્સ ધરાવતી અધિકૃત સિક્યુરિટી એજન્સીના તથા તાલીમબદ્ધ સિક્યુરિટી ગાર્ડ રાખવાના રહેશે. આ કાર્ડ રાઉન્ડથી ક્લોક રાખવાના રહેશે. તેમજ સિક્યુરિટી એજન્સીની માલિકીમાં ફેરફાર કે બદલાવ થાય તે અંગેની જાણ તુરત જ એસ.ઓ.જી શાખા પોલીસ અધિક્ષકની કચેરી, જૂનાગઢમાં તથા નજીકના પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. મલ્ટી પર્પસ થિયેટર, કોમર્શિયલ મોલ-સેન્ટર રોપ- વે તથા મેળાના કાર્યક્રમના આયોજકોએ આ સ્થળો ખાતે મેટલ ડિટેક્ટર લગાવવાના રહેશે. આ જાહેરનામુ તા.૧૦-૬-૨૦૨૩ સુધી અમલમાં રહેશે. તનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# "આપ કે દ્વાર આયુષ્માન" : અતિ આધુનિક તબીબી ક્ષેત્રને લગતી તમામ સારવાર નિ:શુલ્ક મળી રહે તે માટે લાભાર્થીઓને વહેલીતકે આયુષ્માન કાર્ડ કઢાવવા મંત્રી કુંવરજીભાઈનો અનુરોધ




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૮

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાની સરકારી હોસ્પિટલ ખાતે જળસંપતિ, પાણી પુરવઠા, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાનાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં "આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" અંતર્ગત ‘‘મુખ્યમંત્રી અમૃતમ - મા વાત્સલ્ય યોજના’’ના કાર્ડને આયુષ્માન કાર્ડમાં તબદીલ કરવા તેમજ નવા આયુષ્માન કાર્ડ કાઢી આપવા માટેનો કેમ્પ યોજાયો હતો. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આયુષ્માન કાર્ડ વિશે લોકોને માહીતગાર કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર લોકોના સ્વાસ્થ્યની સતત દરકાર લઈ રહી છે ત્યારે આ કાર્ડ હેઠળ મળતાં લાભની જોગવાઈમાં વધારો કરી કુટુંબ દીઠ વાર્ષિક ૧૦ લાખ સુધીનું વિનામૂલ્યે આરોગ્ય કવચ આપવાની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. વડાપ્રધાનની આયુષ્માન ભારતની નેમની સાર્થક કરવા જસદણમાં જરૂરિયાતમંદ એકપણ વ્યક્તિ બાકાત ન રહી જાય તે માટે દર શનિવારે બે વોર્ડ વાઈસ આયુષ્માન કાર્ડ માટે કેમ્પનું આયોજન કરવામાં આવશે. જસદણનાં લોકોને આકસ્મિક સમયે ખોટી દોડધામ વિના ઉત્તમ આરોગ્ય સારવાર મળી રહે તે માટે લાયકાત ધરાવતાં લાભાર્થીઓને વહેલીતકે આયુષ્માન કાર્ડ કઢાવી લેવા અનુરોધ કર્યો હતો. આ તકે તાલુકા હેલ્થ ઓફિસર ડો. સી.કે.રામએ નાગરિકોને આયુષ્માન કાર્ડ વિશે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, છેવાડાના માનવીઓને પણ અતિ આધુનિક તબીબી ક્ષેત્રને લગતી તમામ સારવાર નિઃશુલ્ક મળી રહે તે માટે સરકાર દ્વારા મુખ્યમંત્રી અમૃતમ (માં) અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય (માં વાત્સલ્ય) બંને યોજનાને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે જોડી "પી.એમ.જે.એ.વાય. - માં" યોજના અમલી બનાવવામાં આવી છે.

આ કાર્ડ હેઠળ કુટુંબ દીઠ વાર્ષિક ૧૦ લાખ સુધીનું વિનામૂલ્યે આરોગ્ય કવચ પૂરૂ પાડવામાં આવે છે. તથા આ કાર્ડ હેઠળ સમાવિષ્ટ હોસ્પિટલો, જરૂરી ડોક્યુમેન્ટ્સ સહિતની માહિતી આપવામાં આવી હતી. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ કેમ્પનું ઉદઘાટન કર્યા બાદ મહાનુભાવોના હસ્તે આયુષ્માન કાર્ડના લાભાન્વિત નાગરિકોને કાર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો બહોળી સંખ્યામાં નાગરીકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, તાલુકા પંચાયતના હોદેદારો, સદસ્યો, નગરપાલિકાના હોદેદારો, સદસ્યો, અગ્રણીઓ, જસદણ પ્રાંત અધિકારી રાજેશ આલ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આરોગ્ય વિભાગના અધિકારીઓ, જસદણ સરકારી હોસ્પિટલના અધિકારીઓ, કર્મચારીઓ તથા સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રીમદ વલ્લભાચાર્યજીના ૫૪૬ પ્રાગટય દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૧૮

ચૈત્ર વદ અગિયારસ (૧૬-૦૪-૨૦૨૩) પૃષ્ટિ સંપ્રદાયનો ખુબ મોટો ઉત્સવ. શ્રીમદ વલ્લભાચાર્યજીનો ૫૪૬ પ્રાગટય દિવસ. તેજસ દીપકભાઈ મસરાણી અમરેલીના સાત મહિનાના પુત્ર પ્રિયાંશને શ્રી મહાપ્રભુજીનો શીંગાર કરાવવાની પ્રભુ પ્રેરણા થઈ અને જાણે એવું થયું કે શ્રી વલ્લભ મારે આંગણે પધાર્યા. જયારે આખુ મુખ ખોલે છે ત્યારે તો નટખટ બાલકૃષ્ણની લીલાનો સાક્ષાત્કાર થયો કે જાણે હમણા જ બ્રહ્માંડના દર્શન થશે.

# દેશમાં સંસ્કૃતિની સુરક્ષા પણ અનિવાર્ય બે પ્રદેશોના મિલનનો આ કાર્યક્રમ ભારતના સાંસ્કૃતિક વૈભવના દર્શન કરાવે છે : સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ

વડાપ્રધાન મોદીના 'એક ભારત શ્રેષ્ઠ ભારત' સંકલ્પને સાકાર કરતા સૌરાષ્ટ્ર તમિલ સંગમનો પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યે ભવ્ય પ્રારંભ





(રાકેશ પરડવા દ્વારા)

ઈ વેરાવળ, તા.૧૮

ગુજરાત અને તમિલનાડુ રાજ્ય વચ્ચેના સદીઓ જૂના ઐતિહાસિક સાંસ્કૃતિક સંબંધોને ભવ્ય રીતે ઉજાગર કરી વધુ મજબુત બનાવવા અર્થે સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લાઓમાં યોજાઈ રહેલા સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમનો આજે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, તેલંગાણાના ગવર્નર તમિલીસાઈ સોંદરરાજન અને કેન્દ્રિયમંત્રી મનસુખભાઈ માંડવીયા સહિતના મહાનુભાવોના ઉપસ્થિતમાં પ્રારંભ કરાયો હતો. આ કાર્યક્રમ પૂર્વે સવારે તમામ મહાનુભાવોએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. તો સ્થાનીક રાજ્ય સરકારના મંત્રી, ધારાસભ્યો, આગેવાનોએ માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ઊંચેરા છે, એ શ્લોકોક્તિ અને ભાવનું જીવંત ઉદાહરણ આજે સવારે વેરાવળ રેલ્વે સ્ટેશન પર જોવા મળ્યુ હતુ. મૂળ સૌરાષ્ટ્રીયન એવા તમિલ બાંધવો ૧૨૦૦ વર્ષ બાદ તમિલનાડુથી વતનની મુલાકાતે સોમનાથ ખાતે આવી હર્ષની લાગણી સાથે વતનની માટીને અહોભાવથી સ્પર્શ કરી કપાળે તેનું તિલક કરી માતૃભૂમિને નમન કરેલ ત્યારે તેઓનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યુ હતુ.

સોમનાથ સાનિધ્યે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગના સંયુકત ઉપક્રમે સંપૂર્ણ સૌરાષ્ટ્ર તમિલ સંગમના ૧૦૦૦ વર્ષના ઈતિહાસને ચિત્રોમાં કંડારી પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યુ હતુ. બાદમાં કાર્યક્રમને સંબોધતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવેલ કે, પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં તમિલનાડુ અને ગુજરાત બે પ્રદેશોના મિલનનો આ કાર્યક્રમ ભારતના સાંસ્કૃતિક વૈભવના દર્શન કરાવે છે. સીમા સુરક્ષા, આર્થિક સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, સામાજિક સુરક્ષા, સાયબર સુરક્ષાની સાથે-સાથે આજે દેશમાં સંસ્કૃતિની સુરક્ષા પણ અનિવાર્ય છે.

કોઈ પણ રાષ્ટ્રની સરહદને સુરક્ષિત રાખવા સીમા સુરક્ષા જરૂરી છે. તેવી જ રીતે તેની અસ્મિતાને જાળવી રાખવા માટે સાંસ્કૃતિક સુરક્ષા પણ ખૂબ જ જરૂરી છે. દેશના સાંસ્કૃતિક પુનઃજાગરણ યુગના આપણે સાક્ષી બન્યા છીએ. આ પ્રકારના આયોજનો ભારતની વિવિધ સંસ્કૃતિઓ વચ્ચેના સંબંધને વધુ મજબૂત કરનારા અને દેશની એકતાને દ્રઢ કરનારા બની રહે છે. ભારત એક વિચાર એક એવી અનુભૂતિ છે કે જેને શબ્દોથી વ્યાખ્યાયિત કરી શકાય તેમ નથી. આ વિચારને સદીઓ સુધી થયેલા વિદેશી આક્રમણો પણ નષ્ટ કરી શક્યા નથી તેમ સૌરાષ્ટ્રની ધરતી પર સમુદ્ર માર્ગે થયેલા અનેક આક્રમણો સૌરાષ્ટ્રના જુસ્સાને તોડી શક્યા નથી. આક્રમણકારો ધન વૈભવને લૂંટીને લઈ ગયા સાથે સાથે મંદિરો, ઘરો, વિદ્યાલયો, પુસ્તકાલયો તોડ્યા અને તેનો નાશ કર્યો હતો પરંતુ એ આક્રમણકારીઓ સૌરાષ્ટ્રવાસીઓના મનોબળને તોડી શક્યા નહિ અને તેઓ વારંવાર બેઠા થતા રહ્યા છે. આવા સૌરાષ્ટ્રવાસીઓ પોતાના ધર્મ અને સંસ્કૃતિને બચાવવા સદીઓ પૂર્વે તામિલનાડુમાં સ્થાયી થયા અને પોતાની મહેનત અને બુદ્ધિથી સમૃદ્ધિ પામ્યા તેમજ તામિલનાડુના વિકાસમાં પણ મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું. દૂધમાં સાકરની માફક એકબીજા સાથે ભળી જવું અને બીજાને અપનાવી લેવા એ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. એક સમુદ્રના છેડા પર ભગવાન સોમેશ્વર શિવ વસે છે જ્યારે બીજા છેડા પર ભગવાન રામે વસાવેલું રામેશ્વરમ છે. આ સંગમ બંને સંસ્કૃતિને જોડતો અદભુત સંગમ છે. આ સમુદાયનો ઈતિહાસ વિકાસ સાધવાનો છે.

## તમિલ સંગમ કાર્યક્રમથી તમિલ અને ગુજરાતના લોકો વચ્ચેના સંબંધો વધુ સુદ્રઢ થશેઃ ગવર્નર તમિલસાંઈ સૌંદરરાજન





આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ સંબોધન કરતા કહેલ કે, બે વિશિષ્ટ સંસ્કૃતિઓના સંગમનો આ અનોખો કાર્યક્રમ ભારતના સાંસ્કૃતિક ઈતિહાસનું એક ગૌરવશાળી પ્રકરણ બની રહેશે. તમિલ બાંધવોને વિકાસની આ રાજનીતિનો પાયો જ્યાં નંખાયો તે ગુજરાતની મુલાકાત લેવા અને અન્યોને પણ આ માટે પ્રેરવા અનુરોધ કર્યો હતો. તેલંગાણાના રાજ્યપાલ તમિલસાંઈ સૌંદરરાજને ઉદબોધનમાં કહેલ કે, ચાઈનીઝ અને યુરોપિયન સિલ્કથી પણ શ્રેષ્ઠ તેવું સિલ્ક આપણને પહેરવા ન મળત જો આપણા સૌરાષ્ટ્રના સિલ્ક કારીગર ભાઈઓ અહીં આવ્યા ન હોત. તમિલ સમાજમાં પોતાના સમાજસેવાના કાર્યોથી ખ્યાતિપ્રાપ્ત શ્રી એલ. કે. તુલસીરામને યાદ કરતા તેમણે ઉમેર્યું હતું કે તે મૂળ ગુજરાતી હતા. તેમણે સૌરાષ્ટ્રીયન તમિલોના શિક્ષણ અને વિકાસમાં ખૂબ યોગદાન આપ્યું હતું.

આ કાર્યક્રમના પ્રારંભે કલાકારો દ્વારા બંને રાજ્યોના સંગીત અને નૃત્યની ફ્યુઝન પ્રસ્તુતિ 'વંદનમ્ અભિવંદનમ સૌરાષ્ટ્ર તમિલ સંગમમ' રજૂ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા તૈયાર થયેલ વિખ્યાત તમિલ કવિની તમિલમાંથી ગુજરાતીમાં ભાષાંતરિત ૨૦૦ રચનાઓનો ભજન સંગ્રહ 'અ હોલી કનફ્લુઝન ઓફ હરી એન્ડ હર' તેમજ શિક્ષણ વિભાગના જર્છી, અમદાવાદ તમિલ સંગમ અને ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ દૈનિક વાતચીતનાં વાક્યોની તમિલ-ગુજરાતી ભાષાંતર બુકલેટ, ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગના સંયુકત ઉપક્રમે સંપૂર્ણ સૌરાષ્ટ્ર તમિલ સંગમના ૧૦૦૦ વર્ષના ઈતિહાસ ને ચિત્રોમાં 'સૌરાષ્ટ્ર તમિલ સંગમમ' ચિત્રાત્મક પુસ્તકનું ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદ સી.આર. પાટીલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પૂનમબેન માડમ, રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ભગવાનભાઈ બારડ, વિમલભાઈ ચુડાસમા તથા જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠિયા, પ્રવાસન સચિ હારીત શુકલા, કમિશનર હર્ષદકુમાર પટેલ, કલેકટર એચ. કે. વઢવાણિયા, ડીડીઓ રવિન્દ્ર ખટાલે, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પી. કે. લહેરી, જે. ડી. પરમાર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, એગ્રીકલ્ચર યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીઓના કુલપતિઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### મોબાઈલ ઉપર સટ્ટો રમાડતી એપ્સ - ગેમ્સ યુવાનોને અધોગતિ તરફ ધકેલે છે

મોબાઈલ ગેઈમથી જુગાર રમાડતી એપની જાહેરાતમાં એવું ડિસ્કલેઈમર આવે છે કે, આ રમવામાં નાણાકીય જોખમ છે, આની આદત લાગી શકે છે. કૃપિયા સાવધાનીથી રમો. એવું લખી નાખવાથી આવી ગેઈમને કાયદેસર રીતે કોઈ ગેર-કાયદેસર કહી ના શકે કે તેના ઉપર એ મુદે કોઈ કેસ ના થઈ શકે એ મુદ્દે હવે જાહેર ચર્ચા શરૂ થઈ છે. જુગાર, દારૂ એ બધું ગુના છે જ ક્યારેક કાર્યવાહી થાય અને સમાધાન પણ થઈ જાય. પણ બધા સામે જાહેર આટલી મોટી જાહેરખબર આપે અને યુવાધનને જુગારના નશામાં નાખે છે. ક્રિકેટ મેચના સમયે અનેક એપ જે યુવાપને સટ્ટો શીખવાડે એ ગુનો કહેવાય કે નહિ? સહુના સહિયારા પયાસો થકી ધણાં પરિવર્તન શક્ય થયા છે. ત્યારે રમી અને ક્રિકેટની અનેક એપ આપણાં ભવિષ્ય બાળકો, યુવાનોને માનસિક ને આર્થિક જોખમો તરફ ધકેલી રહેલ છે. લાખો પરિવારને અસર થાય છે, ને આ કારણે આત્મહત્યા વધી રહી છે. હવે તો કસરત, ક્રિકેટ કે ડાન્સ કરતા યુવાઓના ઢળી પડવાના કિસ્સા આવે છે, એમાં સોફા પર શિખંડ ખાતા ક્રિકેટ એપ ઉપર જિંદગી દાવ પર લગાડનાર વધી રહ્યા છે.

ભારત સરકારે થોડા સમય પહેલા ૨૩૨ મોબાઈલ એપ્સને બ્લોક કરી દીધી છે. નોંધપાત્ર રીતે, આ તમામ એપ્સ સટ્ટાબાજી, જુગાર અને અનધિકૃત લોન સેવા સાથે સંકળાયેલી હતી જે ચીની સહિત વિદેશી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવી રહી હતી. સટ્ટાબાજી, જુગાર અને મની લોન્ડરિંગ જેવા ગેરરીતિઓમાં સામેલ ૧૩૮ એપ્સને બ્લોક કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. પરંતુ તેની સાથે અનધિકૃત લોન સેવામાં લાગેલી ૯૪ એપ્સને બ્લોક કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. વિદેશી સંસ્થાઓ પણ આ તમામ એપ ચલાવી રહી હતી. તે દેશની આર્થિક સ્થિરતા માટે ખતરો છે. આ મોબાઈલ એપ્સને બ્લોક કરી દેતા પહેલા આ એપ્સ નાગરિકોની પ્રોફાઈલિંગ માટે યુઝરની માહિતી એકઠી કરવા અને તેને ખોટી રીતે વિદેશમાં મોકલવા બદલ દોષીત માનવામાં આવે છે. સુરક્ષાના કારણોસર પણ કેટલીક લોકપ્રિય એપ જોખમી જ છે.

ક્રિકેટ અને પત્તાની જુગાર એપથી થતાં નુકસાન સામે એવી એપ રાખવી જે જે આપણું જીવન ચરિત્ર ઉંચુ લાવે. જેમાં સમાજસેવા અને દેશ સેવા પણ સામેલ થઈ જાય. રોજ દસ હજાર ડગલા ચાલવા સાથે મોબાઈલમાંથી એપ ડાઉનલોડ કરી લો. જે સતત તમારા ડગલા ગણશે. અને તમને આખો દિવસ આંક બતાવશે કે કેટલા સ્ટેપ્સ થયા? આમ કરવાથી હેલ્થ સારી રહેશે. હોસ્પિટલ દવા ડૉકટરનો ખર્ચ બચશે. ઠગ જ્યોતિષથી છેતરાઈ જશો તો લાખોના ખર્ચમાં પડશો. મેલી વિદ્યા ભૂતપ્રેત જેવું કાંઈ નથી. અંધશ્રદ્ધાનો ત્યાગ કરવો. સામાજિક કુરિવાજોથી દૂર રહેવું. ઢોંગી લોકોને ઓળખી એપ મારફતે દાન કરવું નહીં. એપ મારફતે મહિને એક પુસ્તક અવશ્ય વાંચવું. બાળકોને પુસ્તક વંચાવવા. સંસ્કારી બાળકો તમને વૃદ્ધાવસ્થામાં નડશે નહીં. મંદિરે કે મસ્જિદે જવાથી બાળકો સંસ્કારી બનશે નહીં પરંતુ સારા પુસ્તકોનું વાંચન એમને સારા નાગરિક બનાવશે. સમાજને સારા નાગરિકો આપવા એ તમારી ફરજ છે. એપ મારફતે કોઈ બ્લેકમેલ કરી શકે એવા કોઈ કામ કરવા નહીં. ભૂલથી થઈ ગયા હોય તો બ્લેકમેલ થવું નહીં. સરકારી એપના ખોટા નામે છેતરાઈ જવું નહીં.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્યની પ્રતિષ્ઠા ઈમાનદારી પર જ નિર્ભર છે.

- આચાર્ય શ્રી રામ શર્મા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૧૩ શિવરાત્રી, પંચક તા.૧૮ એપ્રિલ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૨૬, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મનની મૂંઝવણ મનમાંજ રહે. વ્યર્થ ક્રોધ રહે.
વૃષભ : અચનાક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
મિથુન : કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
કર્ક : આર્થિક લાભ મળે, મનની મુરાદ બર આવે.
સિંહ : ગૃહસ્થીજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
કન્યા : કોર્ટ-ક્ચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
તુલા : વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
વૃશ્ચિક : મહત્વના કાર્યમાં સફળતા મેળવી શક્શો. તકનો લાભ ઉઠાવજો.
ધન : લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
મકર : વ્યર્થક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃત્તિ ટાળવી.
કુંભ : યશ-માનમાં ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
મીન : સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.

## વેરાવળ તાલુકા પંચાયતની કચેરીને ૩ કરોડનાં ખર્ચે અદ્યતન બનાવાશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૮

વેરાવળ તાલુકાના મોટા ગ્રામ્ય વિસ્તારને ગુજરાતની સંવેદનશીલ સરકારએ મોટી ભેટ આપેલ હોય તેમ વેરાવળ તાલુકા પંચાયત કચેરીની જુની જર્જરીત બીલ્ડીંગને કરોડોના ખર્ચે નવી અધયતન સુવિધા સાથે બનાવવા રાજય સરકાર દ્વારા રૂા.ત્રણ કરોડ દસ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેથી આગામી દિવસોમાં પંથકના ૫૫ ગામના લોકોને કામકાજ અર્થે કચેરી આવવા સમયે રાહત મળી રહેશે. આ અંગેની માહીતી આપતા વેરાવળ તાલુકા પંચાયતના પ્રમુખ સરમણભાઈ સોલંકીએ જણાવેલ કે, વેરાવળ તાલુકાના ૫૩ ગામોના પ્રાણ પ્રશ્નોના નિરાકરણનું વર્ષોથી એક જ સ્થળ તાલુકા પંચાયત કચેરી ખાતે થાય છે. પરંતુ આ કચેરી વર્ષો જુની જર્જરિત હોવાની સાથે તેમાં ઘણી સુવીધાઓ પણ ન હોવાથી લોકોને અગવડતા પડી રહી હતી. જેને ધ્યાને લઈ નવી અધતન સુવિધા વાળી તાલુકા પંચાયત કચેરી બનાવવા હાલના પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ માનસિંગભાઈ પરમાર સહીતનાને સાથે રાખી તા.પં. દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

જેને ધ્યાને રાખીને વેરાવળ તાલુકા પંચાયતનું અધ્યતન સુવિધાઓ વાળુ નવું બિલ્ડીંગ બનાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ રૂ.૩.૧૦ કરોડ જેવી માતબર ગ્રાન્ટ ફાળવી છે. જેથી ટુંક સમયમાં નવી કચેરીનું કામકાજ શરૂ થવાની સાથે લોકોની હેરાનગતિનો અંત આવશે. ત્યારે વેરાવળ તાલુકા પંચાયતના પ્રમુખ સરમણભાઈ સોલંકી ને તમામ ૫૩ ગામના સરપંચો, આગેવાનો અને કાર્યકરો સહિતના લોકો આવકારી રહેલ છે.

## રવિવારે ઉંઝામાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવશે : ઉંઝા સહિત ૧૦ ગામના લોકો કાર્યક્રમ નિહાળી શકે તેવી વ્યવસ્થા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૮

મહેસાણા જિલ્લાના ઉંઝા જાયન્ટસ પિપલ્સ ફાઉન્ડેશન, એ.પી.એમ.સી., જાયન્ટસ પરિવારો ઉપક્રમે જનસમાજ, ગ્રામજનો અને જાગૃતોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન તા.૨૩ મી રવિવારે જાહેરજનતા માટે કરવામાં આવ્યું છે જેમાં જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયા વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે. ઉંઝા સહિત ૧૦ ગામના લોકો હાજરી આપવાના હોય સ્ટેજ ઉપરાંત મોટી સ્ક્રીન ઉપર તેમજ ઘર બેઠા લાઈવ કાર્યક્રમ નિહાળી શકે તેવી જબરદસ્ત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. કાર્યક્રમના વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટનમાં જાયન્ટસ પિપલ્સ ફાઉન્ડેશન ઝોન-૧ના વાઈસ ચેરમેન જશવંત બી. પટેલ, ઉદ્દઘાટક એ.પી.એમ.સી. ના ચેરમેન દિનેશભાઈ એ. પટેલ, ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ રીક્કુબેન પટેલ, ટ્રસ્ટી હસમુખભાઈ પટેલ, જાયન્ટસ પરિવારના પ્રમુખ ચંદ્રકાંતભાઈ એમ. પટેલ, પ્રોજેકટ ચેરમેન અલ્પેશભાઈ પટેલ, મંત્રી ચિંતનભાઈ પટેલ સહિત ગામના આગેવાનો હાજરી આપવાના છે. કાર્યક્રમના પ્રમુખ જશવંતભાઈ પટેલે જણાવ્યું કે રવિવાર તા. ૨૩ મી એપ્રિલ રાત્રિના ૮ કલાકે રંગમંચ, ઉનાવા દેશની વાડી, ઉંઝા ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતમાં જાથાનો કાર્યક્રમ હોય બહોળી સંખ્યામાં લોકો હાજરી આપે તેવી સંભાવના હોય પુરતી તૈયારી કરવામાં આવી છે. જાથાના જયંત પંડયા આ ગામમાં આકર્ષણનું કેન્દ્ર હોય મોટી સ્કીન, એલ.ઈ.ડી. વિગેરે વ્યવસ્થા કરવામાં આવી છે. ચમત્કારિક પ્રયોગ નિદર્શનમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, રૂપિયાનો વરસાદ, ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી, નજરબંધી, બેડી તુટવી, હઝરતમાં જોવું, બોલતું તાવિજ, પ્રાર્થનાથી રોગ મટાડવા, ભુવાની સાંકળ મારવાની ધતિંગલીલા, ધુણવું-સવારી આવવાની ડીંડકલીલા, હાથ-માથા ઉપર દીવા રાખવા, સંમોહન, કાનેથી ચિઠ્ઠી વાંચવી વિગેરે પ્રયોગ સાથે ભૂત-પ્રેત, આસુરી શક્તિની પોલખોલ કરવામાં આવશે.

## • રમઝાન મુબારક •




### માતા-પિતા અને સંતાનોના હક્કો અને જવાબદારીઓ

ઈસ્લામી ઘરમાં બાળકનું ઉત્થાન અને પાલન-પોષણની આ જ પ્રાકૃતિક, સ્વાભાવિક અને શરઈ (ધાર્મિક) કાર્ય-પદ્ધતિ છે. જન્મતાં જ બાળકને સૃષ્ટિની અનંત સચ્ચાઈઓ, અટળ તથ્યો અને ઉચ્ચ માનાવીય મૂલ્યોથી માહિતગાર કરાવવા અને અપનાવવાની વિવેકપૂર્ણ કાર્યવાહી શરૂ થઈ જાય છે. ઈસ્લામ એક પ્રાકૃતિક અને વ્યવહારૂ દીન (ધર્મ, જીવન-વ્યવસ્થા) છે અને આ જ વ્યવહારૂ દીનનો સ્ત્રોત વહી એ ઈલાહી (ઈશવાણી) છે, જે ઈલ્મુલ યકીન (વિશ્વનીય જ્ઞાન)નું એક માત્ર માધ્યમ છે, તેથી માનવીની પ્રકૃતિ અને બુદ્ધિ એક પળ માટે પણ આ શિક્ષાઓથી અપરિચિતતા અનુભવતી નથી.

**ઈસ્લામી પરિવારનો સૌપ્રથમ પાઠ - અલ્લાહની ઈબાદત**

નિઃશંક, અલ્લાહ જ મનુષ્યોનો સર્જનહાર છે. સર્જનમાં સહેજ પણ કોઈ બીજાની દખલ નથી. એ જ સર્જનહારની મહેરબાની છે કે તેણે માણસને સુંદર અને અનુપમ અસ્તિત્વ, જુદી જુદી યોગ્યતાઓ અને અસાધારણ શક્તિઓ પ્રદાન કરીને અશ્રફુલ મખ્લુકાત (સર્જનોમાં શ્રેષ્ઠ બનાવ્યો. સર્જનહાર પણ એક માત્ર એ જ છે અને માલિક પણ એ જ છે. તેનો એ અંતિમ ફેંસલો છે અને તદ્દન યોગ્ય ફેંસલો છે કે માનવી એક માત્ર તેની જ ઈબાદત કરે, તેના સિવાય અન્ય કોઈની ઈબાદત ન કરે. એ પણ હકીકત અને સચ્ચાઈ છે કે માનવીના ભૌતિક (શારીરિક) અસ્તિત્વનું કારણ તેના માતા-પિતા છે અને એ જ બે અત્યંત કરુણામય અને કૃપાળું તથા ખૂબ જ આદરણીય હસ્તીઓ તેના પાલન-પોષણમાં અને દેખભાળમાં રાત-દિવસ પોતાની શારીરિક અને માનસિક શક્તિઓ લગાવતી રહે છે. અનેક તકલીફો ઉઠાવીને અને પોતાની માલમતા કુરબાન કરીને આ નાનકડાં વજૂદને મોટો કરતી રહે છે. તેમની જ દયા અને પ્રેમની છત્રછાયામાં બાળક યુવાનીની વસંતો જૂએ છે. ક્ષણિક જીવનની દોડમાં સામેલ થાય છે. અનેક ક્ષેત્રો સર કરવાનો નિર્ધાર લઈને અમલનાં મેદાનમાં ઉતરે છે અને આ દુનિયાની ઝાકઝમાળમાં વધારો કરવાને કાબેલ થાય છે. તેથી જ અલ્લાહનો ફેંસલો તદ્દન યોગ્ય છે કે અલ્લાહ પછી માનવી ઉપર સૌથી મોટો હક્ક તેના માતા-પિતાનો છે અને અલ્લાહ પછી માતા-પિતાનો હક્ક છે કે માનવી તેના સાથે સદ્વ્યવહાર કરે.

**રોઝા : ૨૬ સોમવાર**

અલ્લાહની તૌહિદ અને મહાનતાના તેમજ તેની ઈબાદત પછી માતા-પિતાની સાથે સદ્વ્યવહાર, તેમનો ઊંડો આદર અને કાળજી તથા તેમના સામે વિનમ્રતા અને આજ્ઞાપાલનની સ્પષ્ટ શિક્ષા અને સમજ પવિત્ર કુર્આને એટલી અસરકારક, ભાવનાશીલ અને હૃદયંગમ શૈલીમાં આપી છે કે માણસની નિર્મળ બુદ્ધિ, જો વિકૃત ન થઈ ગઈ હોય, તો તે આ શિક્ષાને પોતાના હૃદયની પોકાર અને આત્માની માંગ સમજે છે, અને તે પોતાના અંતરાત્માની પ્રેરણાથી એવું જ કંઈક કરવા ચાહે છે.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# ગુજરાતમાં બોર્ડ નિગમોમાં નિમણૂંકોની ટૂંક સમયમાં જાહેરાત થશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કરિશ્માપૂર્ણ જીત બાદ હવે ભાજપ પક્ષનાં નેતાઓને ભેટ આપશે. પાર્ટી આગામી સપ્તાહથી રાજ્યમાં ખાલી પડેલા કોર્પોરેશનોમાં ચેરમેન, વાઈસ ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂંક્ની જાહેરાત કરવાનું શરૂ કરશે. વિધાનસભાની ચૂંટણી પહેલા પાર્ટીએ તમામ કોર્પોરેશનના ચેરમેનોના રાજીનામા લઈ લીધા હતા. આ પછી પાર્ટીના પદાધિકારીઓ અને નેતાઓ નિમણૂંકોની રાહ જોઈ રહ્યા હતા. પાર્ટી સંગઠન માટે ગંભીરતાથી કામ કરતા કેટલાક નેતાઓ અને ધારાસભ્યોને લોટરી લાગે તેવી અપેક્ષા છે. પ્રથમ તબક્કામાં લગભગ એક ડઝન બોર્ડના પ્રમુખ, ઉપપ્રમુખ અને ડિરેક્ટરોના નામની જાહેરાત થઈ શકે છે. ૨૦૨૪ને ધ્યાને રાખી બોર્ડ અને કોર્પોરેશનના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂકમાં પણ પાર્ટી નવા સમીકરણોને સાધશે. સૂત્રો દ્વારા મળતી માહિતિ પ્રમાણે ગુજરાતના મહત્ત્વપૂર્ણ બોર્ડ નિગમોમાં ચેરમેન, વાઈસ ચેરમેન, ડિરેક્ટરોના નામની જાહેરાત આગામી સપ્તાહે થવાની શક્યતા છે. છેલ્લા કેટલાય સમયથી બોર્ડ નિગમોમાં પદો ખાલી પડ્યા છે. ચૂંટણી પહેલા મોટા ભાગના બોર્ડ, નિગમોમાંથી ચેરમેનોના રાજીનામાં લઇ લેવામાં આવ્યા હતાં. પાર્ટીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા બોર્ડ, નિગમોના ચેરમેન અને વાઈસ ચેરમેનોના રાજીનામા માગી લીધા હતાં. એમાં ઘણા એવા પણ હતાં કે, જેમનો કાર્યકાળ પૂરો થવાનો હતો. હવે ચર્ચા એવી છે કે, નવી નિયુક્તિઓમાં પાર્ટી નેતાઓ વિધાયકો અને ચૂંટણી સમયે બીજી પાર્ટીઓમાંથી આવેલા નેતાઓને પણ બોર્ડ નિગમોમાં જગ્યા મળી શકે છે. બોર્ડ, નિગમોમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ કરવા માટે ટોચના સ્તરે ચર્ચા થઇ ચુકી છે. નેતૃત્વએ ઘણા બધા નામો ઉપર ચર્ચા કરીને ફાઈનલ નામોની યાદી બનાવી દીધી છે. હવે આ નામોની જાહેરાત આગામી સપ્તાહે થવાની શક્યતા છે. બાકીના નામોની જાહેરાત આગામી યાદીમાં કરવામાં આવશે. પાર્ટી કેટલાક યુવા નેતાઓને નિગમ અને બોર્ડના ચેરમેન બનાવવાની સાથે ડિરેક્ટર પદે પણ નિયુક્ત કરી શકે છે. યુવા ચહેરાઓને વધુ તક મળવાની પણ શક્યતા છે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે વિધાનસભાની ચૂંટણી પછી તરત જ બોર્ડ, નિગમોમાં નિમણુકોની કવાયત શરૂ થઇ ગઇ હતી. પરંતુ કેટલાક નામોમાં પેચ ફસાતા મામલો અટકી ગયો હતો. એવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બીજા કાર્યકાળને પણ ચાર મહીના પૂરા થઇ ગયા છે. સરકાર હવે વિલંબ કરવાના મૂડમાં નથી.

# વિપક્ષી એકતા માટે નીતિશ કુમાર દેશભરમાં પ્રવાસ કરશે

પટના, તા.૧૮

મુખ્ય વિપક્ષી નેતાઓને મળી દિલ્હીની તેમની મુલાકાત પછી બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જણાવ્યું હતું કે તેઓએ વિપક્ષીઓનો એક કરવા માટે દેશભરમાં જવાનો નિર્ણય કર્યો છે. બી.આર. આંબેડકરની જન્મજયંતીના અવસાર ઉપર જેડી(યુ) કાર્યાલય ખાતે એક સભાને સંબોધિત કરતા તેમણે કેન્દ્ર સરકાર ઉપર નિશાન સાધતા કહ્યું કે કેન્દ્રમાં બેઠેલા લોકો કામમાં નહીં પરંતુ ફક્ત પ્રચારમાં માને છે. તેમણે કહ્યું કે અમે કામ કરવામાં અને સામાન્ય લોકોના કલ્યાણ માટે અનેક વસ્તુઓ કરવામાં વિશ્વાસ રાખીએ છીએ. બીજી તરફ કેન્દ્રમાં બેઠેલા લોકોને કામ સાથે કોઈ લેવા દેવા નથી. તેઓ માત્ર પ્રચાર કરવા માંગે છે. આ લોકોનું આઝાદીની લડતમાં કોઈ યોગદાન નથી અને તેથી તેઓ દેશનો ઈતિહાસ બદલવા માંગે છે. નીતિશકુમાર જેડી(યુ) કાર્યાલય પહોંચ્યા ત્યારે તેમના પર ગુલાબની પાંખડીઓ વરસાવીને તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને 'દેશ કા પીએમ કૈસા હો નીતિશ કુમાર જૈસા હો' જેવા નારા લગાવવામાં આવ્યા. તેમની દિલ્હી મુલાકાત ઉપર તેમણે કહ્યું કે અમે કોંગ્રેસ, આપ અને ડાબેરી પક્ષોના નેતાઓ સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. તે તમામ લોકો વિપક્ષી એકતા ઉપર સહમત હતા. વિપક્ષી પાર્ટીઓના વધુમાં વધુ લોકોને એક કરવા માટે મેં દેશભરની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. બિહારમાં મહાગઠબંધન સરકાર બની ત્યારથી હું વિપક્ષી એકતાની તરફેણ કરી રહ્યો છું. દરેક લોકોએ એનડીએ છોડવાના મારા નિર્ણયની પ્રશંસા કરી. હું સાત મહિનાથી ફોનની રાહ જોઈ રહ્યો હતો અને જયારે તેઓએ (કોંગ્રેસના નેતાઓએ) મને ફોન કર્યો ત્યારે હું ત્યાં ગયો અને તેમની સાથે વાતચીત કરી હતી.

# મતભેદો દૂર કરવા માટે રાહુલ-ઉદ્ધવ માતોશ્રી ખાતે મુલાકાત કરે તેવી શક્યતા



મુંબઈ, તા.૧૮

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગઠબંધન ભાગીદારો વચ્ચેના મતભેદોને દૂર કરવા અને આવતા વર્ષે લોકસભાની ચૂંટણી માટેની વ્યૂહરચના ઘડવા માટે એનસીપીના વડા શરદ પવાર સાથેની તેમની વાતચીત પછી હવે માતોશ્રી ખાતે ઉદ્ધવ ઠાકરેને મળવા ટૂંક સમયમાં મુંબઈ જશે તેવી શક્યતા છે. રાહુલ અને પવાર નવી દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને મળ્યા હતા જ્યાં ટોચના નેતાઓએ મહારાષ્ટ્રમાં ભાજપ વિરૂદ્ધ બેઠકોની વહેંચણી અને વ્યૂહરચના અંગેર ચર્ચા કરી હતી. સૂત્રએ જણાવ્યું હતું કે, આ બેઠકમાં, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે મુંબઈ જશે અને ઉદ્ધવ ઠાકરેને મળશે જેમની પાર્ટી મહા વિકાસ અઘાડીનો છે. આ ઉપરાંત વી ડી સાવરકરના મુદ્દા ઉપર ઊભા થયેલા મતભેદોને દૂર કરવા રાહુલ ઉદ્ધવ સાથેના મતભેદોને દૂર કરવા માટે પણ સંમત થયા છે. આ બેઠક બંને પક્ષોના કેડરને વેગ આપશે અને નિર્ણાયક ચૂંટણીઓ પહેલા વૈચારિક રીતે અલગ-અલગ પક્ષોને એકસાથે લાવશે.

મહારાષ્ટ્રમાં કુલ ૪૮ લોકસભા બેઠકો છે અને કોંગ્રેસ રાષ્ટ્રીયસ્તરે તેની સંખ્યા વધારવા માટે શક્ય તેટલી વધુ બેઠકો ઉપર લડવા માંગે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે લોકસભાની ૪૮ બેઠકોમાંથી, એમવીએના દરેક જોડાણ ભાગીદારને ૧૫ બેઠકો મળશે, જ્યારે બાકીની ત્રણ બેઠકો કાં તો કોંગ્રેસ અને એનસીપીને આપવામાં આવશે. શિવસેના વધુ બેઠકો માંગી રહી છે, પરંતુ શિવસેનાના ૧૩ વર્તમાન લોકસભા સાંસદો મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના નેતૃત્વવાળી સેનામાં જોડાયા છે. તેથી, ઉદ્ધવને મજબૂત ઉમેદવારો મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. અમે ઉમેદવારોની અદલાબદલી કરી શકીએ છીએ. શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે કહ્યું કે વિપક્ષ એકજૂથ છે અને અંતરને દૂર કરવા માટે મુંબઈ અને દિલ્હીમાં પણ ઘણી ગતિવિધિઓ થઈ રહી છે. હાલમાં ભાજપ ગભરાટમાં છે, તેથી, ગઠબંધન તોડવા અને ગઠબંધન ભાગીદારોના ઉચ્ચ નેતાઓને પકડવા માટે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા નોટિસ મોકલી રહી છે. પરંતુ કોઈ પણ ભાજપની દબાણની યુક્તિઓને વશ થશે નહીં. મુંબઈમાં સંભવિત રાહુલ ગાંધી-ઉદ્ધવ ઠાકરેની બેઠક અંગે ટિપ્પણી કરતા, મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે રાહુલે મહારાષ્ટ્રમાં પ્રવેશતા પહેલા હિન્દુત્વની વિચારધારા વીડી સાવરકરનું અપમાન કરવા બદલ માફી માંગવી જોઈએ. બાવનકુલેએ કહ્યું હતું કે રાહુલે પાંચ વખત સાવરકરનું અપમાન કર્યું છે.

# હેકર્સના નિશાના ઉપર ૧૨,૦૦૦થી વધુ ભારતીય સરકારી વેબસાઈટ્સ, કેન્દ્ર સરકારે જાહેર કર્યું એલર્ટ

**ભારતની ૧૨ હજાર સરકારી વેબસાઈટ ઈન્ડોનેશિયાના એક હેકર ગ્રુપના નિશાના ઉપર છે, ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) એ આ અંગે એલર્ટ જાહેર કર્યું છે**



નવી દિલ્હી, તા.૧૮

ભારતની ૧૨ હજાર સરકારી વેબસાઈટ ઈન્ડોનેશિયાના એક હેકર ગ્રુપના નિશાના ઉપર છે. ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) એ આ અંગે એલર્ટ જાહેર કર્યું છે. જારી કરાયેલી ચેતવણી અનુસાર ૧૨,૦૦૦ સરકારી વેબસાઈટ્સમાં કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્ય સરકારોની વેબસાઈટ્સ છે. આ વેબસાઈટ ઉપર 'હેકટીવિસ્ટ ઈન્ડોનેશિયા' નામના ગ્રુપ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. જારી કરવામાં આવેલા એલર્ટ મુજબ હેકટીવિસ્ટ હેકિંગ ગ્રુપે ભારતીય વેબસાઈટની યાદી બનાવી છે. હેકર્સની યાદીમાં કુલ ૧૨,૦૦૦ સરકારી વેબસાઈટ્સ છે. જેના વિશે ભારતની સંબંધિત સાયબર સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. તમામ એજન્સીઓ કેન્દ્ર અને રાજ્ય સરકારની પાંખોને એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે ભારત સરકારની વેબસાઈટ 'અપડેટ' અને 'સક્ષમ' છે જે આવા જોખમોનો સામનો કરી શકે છે. રિપોર્ટમાં સરકારી અધિકારીઓને તેનાથી બચવાના ઉપાયો વિશે પણ જણાવવામાં આવ્યું છે.

ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર વતી કહેવામાં આવ્યું છે કે સરકારી સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે તેઓ સાયબર ક્રાઈમનો શિકાર ન બને. કોઈપણ પ્રકારના અજાણ્યા ઈમેલ અથવા લિંક ઉપર ક્લિક કરવાનું ટાળો, જેથી કરીને વેબસાઈટની સુરક્ષાને આવા કોઈપણ હુમલાથી સુરક્ષિત કરી શકાય. એલર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે હેકર્સ કેવી રીતે નિશાન બનાવી શકે છે. જારી કરાયેલી ચેતવણી અનુસાર, હેક થયા બાદ વેબસાઈટ ખુલતાની સાથે જ તેને બંધ કરી દેવામાં આવશે. આ સાથે સરકારી કર્મચારીઓને હંમેશા કામ કરવા માટે સુરક્ષિત નેટવર્કનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. નોંધપાત્ર રીતે હેકર્સ છેલ્લા કેટલાક સમયથી ભારતીય વેબસાઈટ્સને નિશાન બનાવી રહ્યા છે. ગયા વર્ષે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ કરવામાં આવેલી ટિપ્પણી પછી દેશમાં તણાવ વધી ગયો હતો. તે દરમિયાન પણ મલેશિયાની હેકટીવિસ્ટ ગેંગે ભારત સરકારની વેબસાઈટોને નિશાન બનાવી હતી

# કોન્સ્ટેબલની ભરતી માટે હિન્દી-અંગ્રેજી ઉપરાંત ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં પેપર તૈયાર કરવામાં આવશે

**પ્રશ્નપત્ર હિન્દી અને અંગ્રેજી ઉપરાંત, આસામિયા બંગાળી, ગુજરાતી, મરાઠી, મલયાલમ, કન્નડ, તેલુગુ જેવી ભાષાઓમાં તૈયાર કરવામાં આવશે**




ગાંધીનગર, તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક ઐતિહાસિક નિર્ણય અંતર્ગત ગૃહ મંત્રાલયે સીએપીએફ માટે હિન્દી અને અંગ્રેજી ઉપરાંત ૧૩ ક્ષેત્રીય ભાષાઓમાં કોન્સ્ટેબલની પરીક્ષા યોજવાના નિર્ણયને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય ગૃહમંત્રી અમિત શાહની પહેલ ઉપર સીએપીએફમાં સ્થાનિક યુવાઓની ભાગીદારી વધારવા અને ક્ષેત્રીય ભાષાઓને પ્રોત્સાહન આપવા નિર્ણય લેવાયો છે. આ નિર્ણય મુજબ, પ્રશ્ન પત્ર હિન્દી અને અંગ્રેજી ઉપરાંત, આસામિયા બંગાળી, ગુજરાતી, મરાઠી, મલયાલમ, કન્નડ, તેલુગુ જેવી ભાષાઓમાં તૈયાર કરવામાં આવશે. તે અંતર્ગત લાખો ઉમેદવારો પોતાની માતૃભાષા અને ક્ષેત્રીય ભાષામાં પરીક્ષામાં ભાગ લઈ શકશે, જેનાથી તેમની પસંદગીની તક વધી જશે. કોન્સ્ટેબલ કર્મચારી પસંદગી મંડળ તરફથી આયોજિત પ્રમુખ પરીક્ષાઓમાંથી એક છે. જેમાં દેશભરમાંથી લાખો ઉમેદવારો ભાગ લે છે. હિન્દી અને અંગ્રેજીની વધારાની ૧૩ ક્ષેત્રીય ભાષાઓમાં પરીક્ષાનું આયોજન ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી થશે. આ નિર્ણય બાદ આશા છે કે, રાજ્ય કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો સ્થાનિક યુવાઓની પોતાની માતૃભાષામાં પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કરશે. આ વિશે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આભાર વ્યકત કરતા કહ્યું કે, CAPFની પરીક્ષા ગુજરાતી સહિત ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં પણ લેવાના સ્તુત્ય નિર્ણય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો આભાર વ્યકત કરૂં છું. આ થકી, પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન તેમજ રાજયના અનેક યુવાનોને દેશસેવામાં જોડાવાની તક મળશે.

# આજના મોંઘવારીના જમાનામાં દર મહિને ઓછામાં ઓછી કેટલી આવક રળવી જરૂરી ? ખર્ચ અને બચતની ગણતરી કરવી જ જોઈએ

**આજકાલ એવો જમાનો આવ્યો છે કે લોકો પોતાના શોખ બિન્દાસ પુરા કરે છે, દરેક આધુનિક વસ્તુઓ વસાવે છે અને તે ખરીદી શકે તે માટે આવક પણ રળી લેતા હોય છે. જ્યારે પહેલાના સમયમાં એવું હતું કે, જે આવક હોય તે પ્રમાણમાં જ ખર્ચ કરવામાં આવતો હતો. હવે ખર્ચ થાય તેટલું કમાઇ લેવાનું એવી મેન્ટાલિટી ઊભી થઇ છે અને ઘણા ખરા લોકો સાચા કે ખોટા રસ્તે તેમાં સફળ પણ થાય છે. એવું નથી કે બધા ખોટા રસ્તે જ અઢળક કમાણી કરે છે. આજનો જમાનો એવો છે કે, તમને કમાણી કરવાની તક ઊભી જ હોય છે બસ એને ઝડપી લેવાની આવડત હોવી જરૂરી છે.**

મિત્રો આજે આપણે એવા ટોપિક ઉપર વાત કરીશું કે તે જીવનમાં અભ્યાસ તેમજ કારકિર્દી જેટલી જ જરૂરી છે. ઘણા સંતાનો અભ્યાસ કરતા કરતા પોતાનો ખર્ચ પણ કાઢી લેતા હોય છે જયારે ઘણા પુખ્ત વયના થઈ જાય ત્યારબાદ પણ હજુ પિતાની આવક ઉપર નિર્ભર હોય છે. માતા અને પિતા હસતા હસતા સંતાનોના શોખ પુરા કરે છે અને ખર્ચ કાઢે છે પરંતુ તમને ક્યારેય અંદાજ છે ખરો કે પિતાની આવક કેટલી છે અને કેવી રીતે પરિવારનો ખર્ચ કાઢે છે ? જો ના હોય તો તમારે આ લેખ છેલ્લે સુધી વાંચવો જોઈએ. કારણ કે આ લેખમાં આજે આપણે ચર્ચા કરીશું કે આજના મોંઘવારીના જમાનામાં સરેરાશ કેટલી આવક હોવી જોઈએ અને તેની સામે ખર્ચ તેમજ બચત કેવી હોવી જોઈએ. તો ચાલો આજે આપણે આવક અને ખર્ચ બાબતે વિસ્તારથી ચર્ચા કરીશું.

**● આવક અને ખર્ચ એકબીજાનો પર્યાય છે**

તમને એમ થાય કે સાહેબે આવું કેમ લખ્યું છે ? આવક હોય તે પ્રમાણે જ ખર્ચ થાય ને ખર્ચ પ્રમાણે થોડી આવક થાય ? મારૂં તમને એ જ કહેવું છે કે તમે ખર્ચ કાઢી શકો અને શોખર પુરો કરી શકો એટલું તો કમાઈ લેવું જ જોઈએ. આજકાલ સોશિયલ મીડિયામાં એક જોક ફરતો થયો છે કે, વ્યક્તિની આવક કેટલી હોવી જોઈએ ? તો તેનો જવાબ આપે છે કે જે ધારે તે લઈ શકે તેવી આવક હોવી જોઈએ. આથી કહેવાનો મતલબ એ છે કે, તમે કેટલી મહાત્વાકાંક્ષા અને જરૂરિયાત રાખો છો તેના ઉપર તમારી આવક નિર્ભર હોય છે. ઘણા લોકો મહિને રૂા. ૧૫ હજારની કમાણીમાં પણ ટેસથી જીવન જીવી જતા હોય છે, જ્યારે ઘણા તો રોજના રૂા. ૧૫ હજારનો ખર્ચ કરે છે તો પણ ખર્ચાને પહોંચી નથી વળાતું તેવા રોદણાં રોતાં હોય છે. મારે સીધીને સટ્ટ વાત કહેવી છે કે, તમે તમારી તમામ ઈચ્છાઓ પૂરી કરી શકો તે રીતે કમાણી કરવાનું અને બચત કરવાનું આયોજન કરવું જોઈએ. બાકી મેં ઉપર કીધું તેમ મહિને રૂ.૧૫ હજારમાં પણ જીવી શકાય અને બાકી રોજની લાખ્ખોની આવક હોય તો પણ ઓછી પડે તેવું કહેનારા છે. આજકાલ એવો જમાનો આવ્યો છે કે લોકો પોતાના શોખ બિન્દાસ પુરા કરે છે, દરેક આધુનિક વસ્તુઓ વસાવે છે અને તે ખરીદી શકે તે માટે આવક પણ રળી લેતા હોય છે. જ્યારે પહેલાના સમયમાં એવું હતું કે, જે આવક હોય તે પ્રમાણમાં જ ખર્ચ કરવામાં આવતો હતો. હવે ખર્ચ થાય તેટલું કમાઇ લેવાનું એવી મેન્ટાલિટી ઊભી થઇ છે અને ઘણા ખરા લોકો સાચા કે ખોટા રસ્તે તેમાં સફળ પણ થાય છે. એવું ય નથી કે બધા ખોટા રસ્તે જ અઢળક કમાણી કરે છે. આજનો જમાનો એવો છે કે, તમને કમાણી કરવાની તક ઊભી જ હોય છે બસ એને ઝડપી લેવાની આવડત હોવી જરૂરી છે. ઉત્પાદનો અને સેવાઓ તમારી પાસે હોવી જોઈએ અને તેના કદરદાનો પણ તૈયાર હોય છે. આથી તમારે બસ તેવા કદરદાનોને ઓળખી લેવાની જરૂરિયાત હોય છે. જો તમે તેને ઓળખી જશો તો ધારી કમાણી કરી શકશો.

**● દર મહિને કેટલી સરેરાશ આવક જરૂરી ?**

હવે તમે કહેશો કે પૈસા રળવાની ભૂખ તો ક્યારેય સંતોષાય જ નહીં તે રીતની હોય છે તો પછી દર મહિને કેટલી આવક હોવી જરૂરી છે તે તો કહો. હા તો તમારા સવાલનો પણ જવાબ આપી જ રહ્યો છું. એક મધ્યમવર્ગીય પરિવારને પોતાની માલિકીનું ઘર હોય તો સામાન્ય ખર્ચને પહોંચી વળવું હોય અને થોડી ઘણી બચત કરવી હોય તો મહિને ઓછામાં ઓછી રૂા. ૩૦ હજારની આવક હોવી જરૂરી છે. જો ભાડે રહેતા હોય તો તેના રૂા. ૧૦થી ૧૫ હજાર વધારે ગણી લેવાના. કારણ કે, એક મધ્યમવર્ગીય કોલોનીમાં એક કે બે બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ ભાડે લો તો રૂા. ૧૦ હજારનું ભાડું વસૂલ કરવામાં આવે છે. આટલી આવકમાં ઘર ખર્ચ, પોકેટ મની, બાળકોની ફી, દવાઓ, વીમાના પ્રિમિયમ વગેરે ગણવામાં આવે તો માંડ માંડ બે પાંચ હજાર રૂપિયાની બચત થાય છે. આથી દરેક યુવાનો કે જે પોતાનું નવી કારકિર્દી શરૂ કરી રહ્યા હોય તેમણે આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની રહેશે કે આટલી આવક મળે તે રીતે મહેનત કરવાની છે. બાકી ઓછી આવક હશે તો પણ જેમ-તેમ કરીને ઘર ચાલવાનું છે પરંતુ જેટલી સારી કમાણી કરો તો સરળ, શાંતિપૂર્વક અને સુખી જીવન જીવી શકાય છે.

**● આવક જેટલી હોય તેટલી પણ બચત અથવા આયોજન કરો**

ઘણા કહેશે કે તમે રૂા. ૩૦ હજાર મહિનાની આવકની વાત કરો છો ત્યારે અમારે તો મહિને પંદર હજારની માંડ માંડ આવક થાય છે તો શું કરવાનું. તો આવા કિસ્સાઓમાં ઓછી આવક હોય ત્યારે આયોજન, બચત અને પરિવારજનોનો સહકાર ખૂબ જ અગત્યની બાબત છે. જો વ્યક્તિની આવક ઓછી હોય તો પણ જેમ-તેમ કરીને જીવન વ્યતિત કરતા જ હોય છે, પરંતુ સૌથી મોટો ડર આકસ્મિક ખર્ચનો હોય છે. ખાસ કરીને માંદગી અને અકસ્માતના કારણે થતા ખર્ચ, બાળકોની ઊંચી ફી કે પછી પરિવારજનો ઉપર અણધારી આફતના સમયે પડતી નાણાંની જરૂરિયાત. બચત ના થઈ શકે તો કંઈ નહિ આયોજન તો કરી જ શકાય છે. માંદગી અને શિક્ષણ ખર્ચમાં બહુ મોટી રકમ ચાલી જતી હોય છે. આવા સંજોગોમાં મેડિક્લેઈમ, સરકારી વીમા યોજનાઓ અને બીજી કલ્યાણકારી યોજનાઓ કામે લાગતી હોય છે. ભલે ગમે તેટલી આવક ઓછી હોય પરંતુ થોડી ઘણી પણ બચત કરીને રૂા. ૧ લાખનો તો વીમો લેવો જ જોઈએ. તો નાનો મોટો માંદગીનો ખર્ચ આવે તો ભારે પડે નહી. આ ઉપરાંત સરકાર દ્વારા આયુષ્યમાન કાર્ડ કે મા કાર્ડ જેવી યોજનાઓ હોય છે તો તેના અંતર્ગત ઓછી આવકવાળાને અમુક હોસ્પિટલોમાં સારવાર મળી રહે છે. હવે જો બાળકોના શિક્ષણની વાત કરીએ તો દરેક વાલીઓનો પોતાના સંતાનો સારામાં સારી શાળામાં અભ્યાસ કરે તેવી ખેવના હોય છે. તો તેના માટે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ બાળકોને સારી શાળામાં પ્રવેશ મળી શકે છે. બીજું કે આજકાલ વ્યાજના દરો બહુ ઓછા હોય છે અને સુરક્ષિત રોકાણની ચિંતા હોય છે ત્યારે આવા સંજોગોમાં પબ્લિક પ્રોવિડન્ડ ફંડ એટલે કે પીપીએફમાં રોકાણ કરી શકાય. જરૂરિયાત મુજબ જીવનવીમો પણ લઈ શકાય તો લાંબા ગાળાની થોડી ઘણી બચત થઈ શકે છે. હવે જો પરિવારના તમામ સભ્યોના સહકારની વાત કરૂં તો ઘરમાં જેટલા પુખ્ત વયના સભ્યો હોય તેઓ યથાશક્તિ કોઈપણ આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરતા હોય તો તે ખૂબ કારગર નીવડે છે. તમામ વ્યક્તિ ઘરે રહીને કે બહાર જઈને જે પણ કામ કરીને આવક રળી શકે તે ઈચ્છનીય છે. કમનસીબે આપણે કેટલાક વિદેશોની જેમ બેરોજગારી ભથ્થા જેવો કોન્સેપ્ટ નથી. નહીતર તો બેરોજગારી ભથ્થુ મળે તો ય ઘણાનો જીવન નિર્વાહનો ટેકો મળી રહે. પણ છેવટે તો મારે એક જ વાત કરવી છે કે, જીવનમાં પૈસો જ સર્વસ્વ નથી પણ જરૂરી તો છે જ. આથી જેટલું બને તેટલી જલ્દી આયોજન અને તૈયારીઓ કરવી જોઈએ. આથી લાંબાગાળે તમને સારી કારકિર્દી મેળવીને સફળતા અને અંતે સારી આવક મેળવી શકો છો.

# સોમનાથ ઓડિટોરિયમ ખાતે ભાષાકીય આદાનપ્રદાનનો સેમીનાર યોજાયો

## 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' દ્વારા રામેશ્વરમ અને સોમનાથ એકબીજાને મળ્યા હોય તેવું અનુભવાય છે : સાંઈરામ દવે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૮

સોમનાથ મંદિરના પ્રાંગણમાં ઓડિટોરિયમ ખાતે ગુજરાતી અને તમિલ વિદ્યાર્થીઓ વચ્ચે ભાષા અને સંસ્કૃતિના આદાન-પ્રદાન માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે વક્તા સાંઈરામ દવેએ પરંપરાઓ, જીવન પદ્ધતિ, ખાનપાન વગેરેના આદાન-પ્રદાન થકી સૌરાષ્ટ્ર અને તમિલનાડુના સંબંધોને વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે સૌરાષ્ટ્ર અને તમિલનાડુના આ સંગમ કાર્યક્રમને રામેશ્વર અને સોમનાથ જાણે એકબીજાને મળ્યા હોય તેમ લાગે છે તેવી ભાવના વ્યક્ત કરી હતી. ભાષા અને સંસ્કૃતિની આપ-લે સાથે શૈલી વિશે સમજાવત સાંઈરામ દવેએ ગુજરાતી અને તમિલ ભાષામાં ગીત રજૂ કર્યું હતું.

દ્વિતીય વક્તા પ્રેમકુમાર રાવે હજાર વર્ષ પહેલા બોલાતી સૌરાષ્ટ્રની ભાષા, સૌરાષ્ટ્રી કે જે હાલ પણ સૌરાષ્ટ્ર તમિલ પરિવારોમાં બોલાય છે તેના વિશે એક સંશોધન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભાષાકીય ઓળખ, તેના મૂલ્યો તે દરેક સમુદાયમા જુદા પડતા હોય છે, અનેક ભાષાઓ માત્ર જ્ઞાતિ કે સમુદાયમાં બોલાતી હોવાથી એ લુપ્ત થતી ભાષાઓ તરીકે જોવા મળે છે. સૌરાષ્ટ્રી પણ માત્ર સૌરાષ્ટ્ર તમિલોના પરિવારમાં બોલાતી ભાષા છે તે કોઈ રાજ્યભાષા ન હોવાના કારણે અને તેના પર તમિલની અસર હોવા સાથે આ ભાષા હવે લુપ્ત થતી જાય છે. તૃતીય વક્તા અને ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલે તેમના પૂર્વજ અને તમિલનાડુના પ્રથમ ગવર્નર મહારાજા કૃષ્ણકુમારસિંહજીના તામિલનાડુ ખાતેના સંસ્મરણો તાજા કર્યા હતા, સાથે જ તેમણે સૌરાષ્ટ્ર અને તમિલનાડુના આ ઐતિહાસિક સંબંધને જાળવવા અને આગળ વધારવા માટે આવા કાર્યક્રમો યોજાતા રહેતેવો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સંશોધનપત્રોના પુસ્તક 'વાક્યાર્થ જ્યોતિ'ના ચોથા અંકનું વિમોચન કરાયું હતું. વિદ્યાર્થીઓ માટે કાર્યશાળા બાદ વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા ખાસ પ્રદર્શન રાખવામાં આવેલ હતું, જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

આ કાર્યશાળામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ગીરીશભાઈ ભીમાણી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વી.સી. લલિતભાઈ પટેલ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગરના તેમજ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વી. સી તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ-શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથમાં યાત્રિકોના નિયમોના પાલન બાબતે ત્રણ હોટલના સંચાલકો સામે ગુના નોંધાયા




## એલસીબી અને એએસોજીએ કરેલ તપાસમાં ત્રણ હોટલોમાં લાલીયાવાળી સામે આવતા કાર્યવાહી કરવામાં આવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૮

સુરક્ષાની દ્રષ્ટીએ ટોપમાં રહેલ સોમનાથ ખાતે આવેલી હોટલોમાં નિયમોની અનદેખી કરાતી હોવાને લઈ એકાએક પોલીસ વિભાગે શરૂ કરેલ તપાસમાં લાલીયાવારી સામે આવી હતી. જેમાં સોમનાથની અનેક હોટલોમાં આધાર પુરાવા લીધા વગર તથા રજીસ્ટરમાં એન્ટ્રી કર્યા વગર રૂમો અપાયા હોવાનું સામે આવતા ત્રણ હોટલ સંચાલકો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરતા અનેકવિધ ચર્ચાઓ હોટેલીયન વર્તુળોમાં શરૂ થઈ છે.

જગવિખ્યાત સોમનાથ મંદીર ઝેડ પ્લસ સુરક્ષા કવચ ધરાવે છે ત્યારે દેશ વિદેશમાંથી યાત્રાળુઓ, લોકો દર્શનાર્થે આવતા હોય ત્યારે મંદિરની સુરક્ષા ન જોખમાઈ તે માટે અને અગત્યના ઈનપુટ જેવી મહત્વની માહીતીઓ મળી રહે તે માટે યાત્રાધામની હોટલોને ખાસ નિયમોનું પાલન કરવા અર્થે સુચનાનું અમલીકરણ કરવા જાહેરનામું બહાર પાડી સૂચના આપી છે. તેમ છતાં આ બાબતે લાલીયાવારી ચાલતી હોવાની ચર્ચા વચ્ચે એસઓજી અને એલસીબીની ટીમોએ સોમનાથ મંદિર વિસ્તારમાં આવેલી હોટલો, ગેસ્ટહાઉસમાં ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. જેમાં સોમનાથ મંદિરની બાજુમાં આવેલ "શ્રી રાધે " માં રહેવા માટે આવતા વ્યકિતઓના કોઈપણ જાતના આધાર પુરાવા તેમજ રજીસ્ટરમાં એન્ટ્રી કર્યા વગર રૂમ રહેવા માટે આપેલ હોય જેથી હોટલના સંચાલક વાસુદેવ કુંદનદાસ કુક્કડની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પથીક સોફટવેરમાં ઉતારૂઓની ઓનલાઈન એન્ટ્રી નહી કરતા હોટલ સંચાલકો સામે પણ કડક કાર્યવાહી હાથ ધરેલ જેમાં એસઓજીના પીઆઈ એ.બી.જાડેજાએ ટીમ સાથે કરેલ તપાસમાં સોમનાથ બાયપાસ પાસે આવેલ સન પ્લાઝા હોટલ તથા હોટલ કૃતિમાં રહેવા માટે આવતા વ્યક્તિઓની પથીક સોફટવેરમાં એન્ટ્રીઓ કર્યા વગર રૂમ રહેવા માટે આપેલ હોવાનું સામે આવતા બંન્ને હોટલના સંચાલકો અયાન અ.સતારભાઈ કાદરી તથા રામસીંગ જીવાભાઈ કાછેલાની સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે. પોલીસે અચાનક સોમનાથમાં હોટલ સંચાલકો સામે કરેલ કાર્યવાહીને લઈ લોકોમાં તરેહ તરેહની ચર્ચાઓ થઈ રહી છે.

# ઉના શહેર ગ્રેઈન મર્ચન્ટ એસોશિએશનના હોદેદારોની થયેલ વરણી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૮



ઉના શહેર ગ્રેઈન મર્ચન્ટ એસોશિએશનના વેપારી ભાઈઓની એક મીટીંગ ગઈકાલ સાંજે પાંચ કલાકે ઉના નગરપાલિકા સભાખંડમાં મળેલી હતી જેમાં ઉના શહેરમાં કરિયાણા ગંધીયાણાના વેપાર સાથે સંકળાયેલા વેપારી ભાઈઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ મિટિંગમાં ઉના ગ્રેઈન મર્ચન્ટ એસોશીયશનના નવા પ્રમુખ તરીકે કાંતિભાઈ હિરપરાની સર્વાનમતે નિમણૂક કરવામાં આવેલ હતી જેને સૌ વેપારી ભાઈઓએ તાળીઓના ગડગડાટ સાથે આવકારી હતી. તેવી જ રીતે ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશન ઉના ઉપપ્રમુખ તરીકે મિલનભાઈ શાહ તથા મંત્રી તરીકે હિતેશભાઈ છગ, સહમંત્રી તરીકે મનીષભાઈ શાહ તથા ખજાનચી તરીકે કુલદીપભાઈ દેવીદાસ ટીલવાણીની નિમણૂક કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં એસોસિએશનના નિમંત્રણને માન આપીને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે સૌ નવનિયુક્ત હોદેદારોને શુભકામનાઓ પાઠવેલ હતી. અને વેપારી ભાઈઓને શાંતિપૂર્ણ રીતે વેપાર ધંધા કરવા અને કોઈપણ સમશ્યા કે પ્રશ્ન હોય તો તેમને જણાવવા માટે અપીલ કરી હતી. આ મીટીંગમાં ગ્રેઈન મર્ચન્ટ એસોશીએશનના ૧૪ કારોબારી સદસ્યોની પણ વરણી કરવામાં આવી હતી.

જેને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ ઈશ્વરભાઈ જેઠવાણી તથા મહામંત્રી મિતેષભાઈ શાહ તેમજ જીલ્લા ભાજપના મંત્રી રાજુભાઈ ડાભી વગેરેએ પુષ્પહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢમાં રમઝાન માસમાં રોજુ રાખી બાળ રોજેદારોએ ખુદાની બંદગી કરી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૮

મુસ્લીમ બિરાદરોનાં પવિત્ર એવા રમઝાન માસ ચાલી રહયો છે ત્યારે નાના બાળકોથી લઈ વૃધ્ધો સહિતનાં લોકો રોજુ રાખી અને ખુદાની બંદગી કરે છે. જૂનાગઢ શહેરમાં જમાલવાડી વિસ્તારમાં રહેતા ઈમરાનશા હબીબશા સરવદીની પુત્રીઓ અલવીરા (ઉ.વ. ૬) તેમજ ઈશરત ઈમરાનશા સરવદી (ઉ.વ. ૮) નામની આ બંને બહેનોએ પણ રોજુ રાખી અને ખુદાની બંદગી કરી હતી. ઉનાળાનાં આકરા તાપ વચ્ચે અલ્લા પ્રત્યે અતુટ શ્રધ્ધા રાખી ખુદાની બંદગી કરનાર આ બંને બાળ રોજેદારની અલ્લાહ પ્રત્યેની ભાવનાની સરાહના થઈ રહી છે.

# :: અવસાન નોંધ ::

વેરાવળ: જગદીશ અબોટી બ્રાહ્મણ સ્વ.પ્રફુલચંદ્ર જમનાદાસ પુરોહીતના ધર્મપત્ની પ્રેમીલાબેન (ઉ.વ.૭૦) તે પંકજભાઈ, ભાવ્યેશભાઈ, લીનાબેનના માતાનું તા.૧૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૦-૪-૨૦૨૩ને ગુરૂવારના બપોરે ૪ થી ૬ કલાકે શ્રી કાશી વિશ્વનાથ મંદીર, હાઉસીંગ સોસાયટી, પોસ્ટઓફીસ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

# ઉના તાલુકાના નવાબંદર ગામે બંધ મકાનમાં તસ્કરો હાથ ફેરો

(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા. ૧૮

ઉનાના નવાબંદર ગામે રહેતા સીમાબેન રમેશભાઈ સોલંકીનાં ઘરમાંથી દાગીના રોકડ રકમ સહીત લાખો રૂપિયાની ચોરી થયાની પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. દરમ્યાન દસ દિવસ કરતા પણ વધુ સમય વીતી ગયો પણ ફરિયાદીને પોલીસ કહેતી રહી મળી જશે પણ પરિસ્થિતિ જેમની તેમ જોવા મળી સીમાબેના પતી રમેશ રાજાભાઈ સોલંકી તે માછીમારી કરી અને ગુજરાન ચલાવે છે. પોલીસ સ્ટેશનના વારંવાર ધક્કા ખાય છે ત્યાં મળે છે માત્ર આશ્વાસન અને ત્યાં ફરી નિરાશ થઈને ઘરે આવવું પડે છે. નવાબંદર ગામે ચોરીની ઘટના બની છે તે સમી સાંજ માં ચોરની ઘટના બની પણ ચોરોને પકડી પાડવા તેવી હાલ લોકોમાં માંગ ઉઠી છે

# લેન મસ્જીદમાં જશ્ને શબીના

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૮

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક પ્રેસ સામે આવેલ લેન મસ્જીદમાં પવિત્ર રમઝાન માસનાં અંતિમ દિવસોમાં એટલે કે તા. ૧૯-૪-૨૩ અને તા. ૨૦-૪-૨૩ બુધવાર અને ગુરૂવારનાં રોજ જશ્ને શબીના યોજવામાં આવશે. જેમાં બે દિવસમાં સંપૂર્ણ કુરાન શરીફ પઢવામાં આવશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ મસ્જીદે રઝામાં હઝરત સૈયદના અલી શૈરે ખુદાની યાદમાં શાનદાર જલ્સો યોજાયો તથા બાલ મુબારકની ઝિયારત કરાઈ

## સતત ૬૨ વર્ષથી મૌલા અલીની યાદમાં આ જલ્સો મનાવાઈ રહ્યો છે : હઝરત ગુલઝારે મિલ્લતે જણાવેલ કે હઝરત સૈયદના અલી શૈરે ખુદાની મોહબ્બત જન્નતની ઝમાનત છે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના સ્થાપક અમીરે અહલે સુન્નત હઝરત પીર નૂરમુહંમદ બાપુ મારફાની સાહેબ અલયહીર્રહમાં દ્વારા દર વર્ષ યોજાતો જશ્ન યૌમે મૌલાએ કાએનાત સૈયદના સરકાર અલી શૈરે ખુદા રદીઅલ્લાહો તઆલા અન્હો આ વર્ષે પણ તા.૧૨-૪-૨૦૨૩, બુધવારે રાત્રે તરાવીહની નમાઝ બાદ મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં ખાનકાહે રઝવિય્યા નૂરીય્યાહના ગાદીનશીન પીરે તરીકે હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરીના પ્રમુખ સ્થાને અદબો એહતરામની સાથે શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ. આ જલ્સામાં જૂનાગઢ તથા આસપાસના વિસ્તારના ઔલમાએ કિરામ તથા સાદાતે ઝવિલ એહતરામએ ખાસ હાજરી આપી હતી. જલ્સાની શરૂઆત મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝાના ખતીબો ઈમામ અતાએ હુઝુર અમીરે અહલે સુન્નત, હઝરત હાફીઝો કારી મોહંમદ સાબીરૂલ કાદરી રઝવી સાહેબે તેમના બેહતરીન અંદાઝમાં તિલાવતે કુરઆને મજીદથી કરી હતી. ત્યારબાદ બુલબુલે બાગે મદીના જનાબ કારી નિયાઝ એહમદ સાહેબ, જનાબ મો. અકિલ મોતીવાલા, જનાબ મો. તૌહિદ રઝાએ તેમના મધુર કંઠે નાત શરીફ તથા મૌલા અલીની શાનમાં મનકબત પેશ કરી હતી. ત્યાર બાદ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાના મુદર્રીસ હઝરત સૈયદ સાજીદ બાપુ સાહેબ મુસ્તુફાઈએ મૌલાએ કાએનાત સૈયદના અલી શૈરે ખુદાના ફઝાઈલ ઉપર બયાન ફરમાવી અને જણાવેલ કે આજે આપણે જૂનાગઢમાં યૌમે મૌલા અલી મનાવી રહ્યા છીએ તે પણ હુઝુર અમીરે અહલે સુન્નત હઝરત અલ્લામાં પીર નૂરમુહંમદ બાપુ મારફાની સાહેબ અલયહીર્રહમાની મહેનતોનું પરિણામ છે. તેમણે આજથી ૬૨ વર્ષ પહેલા આજ મસ્જીદે રઝાથી યૌમે મૌલા અલી મનાવવાની શરૂઆત કરી હતી. તે આજ સુધી અલ્હમ્દુલિલ્લાહ હઝરતની દુઆઓથી મનાવવામાં આવી રહી છે. ત્યારબાદ રાજકોટથી પધારેલા ગુજરાતના પ્રખર વક્તા ખતીબે ઝિશાન હઝરત સૈયદ સીકંદર બાપુ નૂરી રઝવીએ સૈયદના મૌલા અલીની શાનમાં બેહતરીન તકરીર ફરમાવી સામેઈનના કુલુબને મુનવ્વરો મુજલ્લા કરી દીધા હતા અને જણાવેલ કે જૂનાગઢની ધરતી તે છે કે જયાં ભારતના નામાંકિત અને મોટા મોટા આલીમો અને દરેક સિલસિલાના પીરો ખાસ કરી હુઝુર મુફતીએ આઝમે હિન્દ અલયહીર્રહમાં જેવી મહાન હસ્તીઓ પધારેલ તે પણ હઝરત મારફાની સાહેબ અલીયહીર્રહમાંની દૈન છે. હઝરત મારફાની બાપુએ જૂનાગઢની અવામે એહલે સુન્નતને ગુમરાહીના દલદલથી કાઢી અને સીરતે મુસ્તકીમ ઉપર લાવી પુરા સૌરાષ્ટ્રમાં મસ્લકે આ'લા હઝરતનો પરચમ બુલંદ ફરમાવ્યો હતો. અંતમાં પ્રમુખ સ્થાનેથી શેહઝાદએ ફલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ, પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી મદઝિલ્લહુલઆલી (સજ્જાદહ નશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ-જૂનાગઢ) પોતાના અનોખા અંદાઝમાં શાને મૌલા અલી, અઝમતે એહલે બૈત અને અઝમતે સહાબા ઉપર બહેતરીન લાજવાબ ખિતાબ ફરમાવી જણાવેલ કે હઝરત સૈયદના અલી શૈરે ખુદા, અહલે બૈત અને સહાબાની મોહબ્બત ઈમાનની અમાનત છે. જેના દિલમાં હઝરત સૈયદના અલી શૈરે ખુદાની અને અહલે બૈતની, સહાબાની મોહબ્બત હશે તેને જરૂર જન્નતમાં દાખલ કરવામાં આવશે અને જેના દિલમાં સોયના નાકા બરાબર પણ હઝરત સૈયદના અલી શૈરે ખુદાની અદાવત બુગ્ઝ હસદ હશે તેને જન્નતથી મહેરૂમ રાખવામાં આવશે અને માલીકે કાએનાત હઝરત અલીની મોહબ્બત હલાલી લોકોને જ આપે છે. આ યૌમે સૈયદના અલી શૈરે ખુદાના સ્થાપક (બાની) પીરે તરીકત, મખ્ઝને રૂહાનીયત, હઝરત અલ્લામાં પીર નૂરમોહંમદ બાપુ મારફાની સાહેબ રહમતુલ્લાહી તઆલા અલયહ છે. જેમણે ૧૯૬૧માં પ્રથમ વખત મસ્જીદે રઝામાં યૌમે સૈયદના અલી શૈરે ખુદા મનાવવાની શરૂઆત કરી અને ત્યારથી જ સતત દર વર્ષે મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં મનાવવામાં આવે છે જેને આજે ૬૨ વર્ષ થયા છે. ત્યારબાદ હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત ગુલઝાર અહમદ સાહબ નૂરીએ યૌમે મૌલાએ કાએનાતના જલ્સામાં હાજર રેલ મોટી સંખ્યામાં સાદાતે કિરામ તેમજ ઉલ્માએ કિરામને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા. અંતમાં હુઝુર મુફતીએ આઝમે હિન્દ અલયહીર્રહમાં તરફથી અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત અલ્લામાં પીર નૂરમોહંમદ બાપુ મારફાની સાહેબ અલયહીર્રહમાંને જે સાંપનો અમલ અર્પણ (બક્ષીસ) કરવામાં આવેલ તે અમલ હઝરત ગુલઝાર બાપુ દ્વારા પળહાવવામાં આવેલ. સૈયદના સરકાર અલી શૈરે ખુદા ફરમાવે છે કે આ અમલને જે વ્યકિત ૨૧ રમઝાન શરીફની રાત્રે પઢી લે તે વ્યકિત પુરા વર્ષ માટે સાંપના ડંશથી મહેફુઝ રહેશે. ઈન્શાઅલ્લાહ. આ અમલ પઢવા માટે રમઝાન શરીફની ૨૧મીની રાત્રે જૂનાગઢ તેમજ આસપાસના ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં મસ્જીદે રઝામાં આ અમલને પઢવા ઉપસ્થિત રહે છે. ત્યારબાદ હઝરત ગુલઝાર બાપુ નૂરીને મક્કા શરીફ, મદીના શરીફ, નજફે અશરફ શરીફ, કરબલા શરીફ, બગદાદ શરીફ તથા અન્ય જગ્યાઓના મશાએખીન તરફથી જે અનમોલ તબરૂકાત આપવામાં આવેલ તે તબરૂકાતોમાંથી સૈયદના સરકાર અલી શૈરે ખુદા ઈમામે હસન અને ઈમામે હુસૈનના બાલ મુબારકને હઝરત ગુલઝાર બાપુના મુબારક હાથે ગુસ્લ આપવામાં આવેલ અને ત્યાર બાદ તે બાલ મુબારકની ઝિયારત તમામ હાજર રહેલ લોકોને કરાવવામાં આવેલ તેમજ બાલ મુબારકના ગુસ્લનું પાણી તથા લંગરે મૌલા અલી આમ શાહી ન્યાઝ જમાડવામાં આવેલ. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી તેમ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા જણાવાયું છે.

# સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરમાં આંતર સદન વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૪નું આયોજન કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા.૧૮

સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરમાં ૧૧ થી ૧૫ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન ઈન્ટર હાઉસ વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેમ્પિયનશિપમાં છ વરિષ્ઠ હાઉસ ટીમોએ ભાગ લીધો હતો. ટીમોને બે પૂલમાં વહેંચવામાં આવી હતી. ચેમ્પિયનશિપ લીગ કમ નોક આઉટ ધોરણે યોજવામાં આવી હતી. પ્રતાપ હાઉસ અને શિવાજી હાઉસ ફાઈનલિસ્ટ તરીકે ઉભરી આવ્યા હતા. બંને ટીમોના શાનદાર પ્રદર્શન બાદ પ્રતાપ હાઉસે ફાઈનલમાં શિવાજી હાઉસને ૨-૦થી હરાવીને ટાઈટલ જીત્યું હતું.

એકંદરે ઈન્ટર હાઉસ વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૪ પ્રતાપ હાઉસે જીતી હતી. કેડેટ અભિષેક કુમાર, પ્રતાપ હાઉસના વર્ગ XI અને શિવાજી હાઉસના વર્ગ VII કેડેટ નૈતિક ડાભીને અનુક્રમે ચેમ્પિયનશિપના 'શ્રેષ્ઠ ખેલાડી' અને 'શ્રેષ્ઠ ઉભરતા ખેલાડી' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન કર્નલ શ્રેયશ મહેતા, આચાર્ય, સૈનિક સ્કૂલ બાલાચડીએ વિજેતાઓને ચેમ્પિયનશિપ ટ્રોફી એનાયત કરી હતી. સભાને સંબોધિત કરતી વખતે, મુખ્ય અતિથિએ વિજેતાઓને અભિનંદન આપ્યા હતા અને કેડેટ્સને તમામ રમતોમાં સક્રિયપણે ભાગ લેવા અને ઓછામાં ઓછી એક રમતમાં શ્રેષ્ઠ બનવાનો પ્રયાસ કરવાની સલાહ આપી હતી.

# ખંભાળિયામાં આવતીકાલે વિશ્વના તમામ દેશોનું કરન્સી પ્રદર્શન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયામાં પ્રથમ વખત ભારત તથા વિશ્વના મોટાભાગના દેશોમાં ચાલતા ચલણ (કરન્સી) અંગેના પ્રદર્શનનું અનોખું આયોજન આવતીકાલે બુધવારે કરવામાં આવ્યું છે. કોઈન કલેકટર સંજયભાઈ ટાંકના અનોખા શોખના ફળ સ્વરૂપે તેમના દ્વારા એકત્ર કરવામાં આવેલા વિશ્વભરના જુદા જુદા દેશોના આશરે અઢીસોથી વધુ પ્રકારના કરન્સી નોટ તથા સિક્કાઓ (ચલણ) અંગેના પ્રદર્શનનું આયોજન અત્રે રામનગર વિસ્તારમાં આવેલી કણઝાર ચોકડી પાસે સ્થિત ડ્રીમલાઈન સ્કૂલ ખાતે બુધવાર તારીખ ૧૯મીના રોજ સવારે ૯ વાગ્યાથી ૫ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. જેમાં પ્રાચીન ભારતીય ચલણ, બ્રિટિશ ભારતીય ચલણ, મુઘલ સલ્તનત ચલણ, રાજા રજવાડાનું ચલણ વિગેરે પ્રદર્શનમાં મૂકવામાં આવશે. આ આયોજનમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી એસ.જે. ડુમરાણીયા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી અને શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ નકુમ ખાસ ઉપસ્થિત રહેશે. આ અનોખા કરન્સી પ્રદર્શનનો લાભ લેવા નગરજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં યોજાયેલા ધર્મોત્સવમાં ભાજપના નવનિયુક્ત હોદેદારોને સન્માનિત કરાયા

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયામાં તુલસી પાર્ક અને શિવ પાર્ક વિસ્તારમાં બ્રહ્મ મિત્ર મંડળના ઉપક્રમે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ મયુરભાઈ ગઢવી, મહામંત્રી રસિકભાઈ નકુમ અને ભરતભાઈ ગોજીયા, મંત્રી રાજુભાઈ ભરવાડ, નિમિષાબેન નકુમ તેમજ લખુભાઈ ચાવડાનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું.

# માંગરોળ પાલિકા તંત્રની અણઆવડતનો ભોગ બનતા લોકો

(અનુ. પાના નં. ૮નું ચાલુ...)

નવી ટાંકી બનેલ હોવા છતાં પાણી વિતરણનો આખો બોજ જુની ટાંકી પર જ હોય, ૩૮ ઝોનમાં જુની ટાંકીથી જ પાણીનું વિતરણ થઈ રહ્યું છે. ભોંયતળીયે વિતરણ લાઈન સાથે જોડાણ આપી, આ ટાંકીને ઉપયોગમાં લેવામાં આવે તો દર ત્રીજા દિવસે પાણી આપી શકાય તેમ છે. આ બાબતે અગાઉ સ્થાનિક તેમજ મંત્રીઓની અધ્યક્ષતામાં યોજાયેલા લોકદરબાર સહિતના કાર્યક્રમોમાં રજૂઆતો છતાં આ ટાંકીનું વિતરણ લાઈન સાથે જોડાણ આપી શકાયું નથી. પાલિકાતંત્રની અણ આવડતનો ભોગ પ્રજા અને પશુધન બની રહ્યું છે. આ ઉપરાંત પાણી વિતરણનો પણ કોઈ ચોક્કસ સમય નક્કી ન હોય, ઝોન વાઈઝ ટાઈમ ટેબલ ગોઠવી લોકોને પડતી હાડમારીનો તાકીદે નિવારણ લાવવા માંગ કરી છે. પાણી આપવાનું ટાઈમટેબલ નિશ્ચિત ન હોય કોઈ ને ખબર જ નથી હોતી કે કયા સમયે પાણી આવશે તેના કારણે ગામલોકો ના બીજા અનેક કામ માટેનું આયોજનનું ટાઈમ ટેબલ અનિશ્ચિત થઈ જાય છે આવું તો કદાચ માંગરોલ સિવાય બીજે કયાય નહી થતું હોય ?

